RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 223* Date: 10.06.2020 * Wendsday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### હવે ખતરો વધ્યો: છેલ્લાં ૨૪ કલાકમાં પ્રતિ કલાકે ૪૧૬ કેસો નોંધાયા

# દેશમાં કોરોના કેસ ૨.૬૭ લાખને પાર: એક દિવસમાં સૌથી વધુ ૩૩૧ના મોત

*ન્યુ દિલ્હી,તા.૯*

વૈશ્વિક મહામારી કોરોના વાઈરસ એટલે કે કોવિડ-૧૯ મામલે ભારત વિશ્વના સૌથી વધુ સંક્રમિત દેશોની યાદીમાં ૫માં ક્રમે પહોંચી ગયું છે. અનલોક-૧ના બીજા તબક્કામાં લગભગ તમામ વાણિજયિક એકમો ખુલી ગયા છે ત્યારે તેની સાથે કેસોની સંખ્યા પણ ઘટવાને બદલે વધી રહી હોય તેમ સતત ૬ઠ્ઠા દિવસે પણ કેસોની સંખ્યા ૯ હજારની ઉપર આવ્યાં છે. આજે મંગળવારે સવારે પૂરા થયેલા છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૯,૯૮૭ કોરોના કેસ બહાર આવ્યાં તો આ જ સમયગાળામાં વધુ ૩૩૧ દર્દીઓના મોત નિજ્યા છે. મૃત્યઆંકનો છેલ્લાં ૨૪ કલાકનો આ આંકડો અત્યારસુધીનો સૌથી ઉંચો આંકડો છે.. દેશમાં પ્રથમ વખત એક જ દિવસમાં ૩૦૦થી વધારે મોત અને સતત છઠ્ઠા દિવસે ૧૦,૦૦૦ની આસપાસ કેસ આવ્યા છે.

તે સાથે જ ભારતમાં કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૨,૬૬,૫૯૮ પર અને કુલ મૃત્યઆંક ૭,૪૬૬ પર પહોંચી ગયો છે.. તેની સાથે અત્યારસુધીમાં ૧,૨૯,૨૧૪ લોકો સાજા થયા અને હજુ ૧,૨૯,૯૧૭ કેસ સક્રિય છે. રોજેરોજ ૯ હજાર કરતાં વધારે કેસો બહાર આવી રહ્યાં છે. જેમાં પણ દિલ્હીની આપ સરકારે તો દિલ્હીમાં આવનાર સમયમાં હજારોની સંખ્યામાં કેસો વધવાની ભીતિ દર્શાવી છે. ત્યારે પરિસ્થિતિ હજુ ગંભીર બનવાની શક્યતા જોવામાં આવી રહી છે.

સૂત્રોએ વધુ વિગતો આપતાં કહ્યું કે, દેશમાં કોરોના વાયરસના દર્દીઓની સંખ્યા મંગળવારે સવારે ૨ લાખ ૬૫



હજારને પાર થઈ ગઈ છે. વીતેલા ૨૪ કલાકમાં ૯,૯૮૭ નવા કેસ સામે આવ્યા છે. સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા બહાર પડાયેલા આંકડા મુજબ, દેશમાં અત્યારે ૨,૬૬,૫૯૫ કોરોનગ્રસ્ત દર્દીઓ છે. આ ઉપરાંત ૭૪૬૬ દર્દીઓના કોરોનાને કારણે મોત થઈ ગયા છે. દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૨ લાખ ૬૭ હજાર ૨૩૮ થઈ ગઈ છે.

આ સાથે જ બીજી તરફ મંગળવાર સવારે દિલ્હીના સ્વાસ્થ્ય મંત્રી સત્યેન્દ્ર જૈનને જણાવ્યું કે, રાજધાની દિલ્હીમાં કોરોના સંક્રમણનો સૌથી ખતરનાક તબક્કો કોમ્યુનિટી ટ્રાન્સમિશન શરૂ થઈ ગયુ છે. અડધાથી વધારે કેસ આ પ્રકારના સામે આવ્યા છે. કોમ્યુનિટી ટ્રાન્સમિશન ત્યારે થાય છે જ્યારે સંક્રમણના સોર્સ અંગે ખબર ન પડે. તેમણે એમ પણ કહ્યું કે, આપણે આવું ત્યારે જ કહી શકીએ, જ્યારે કેન્દ્ર આ અંગેની જાહેરાત કરે.હવે મહારાષ્ટ્રમાં પણ કોરોના દર્દીઓનો આંકડો ૮૮ હજારની પાર પહોંચી ગયો છે. અને ૩,૧૬૯ લોકોના મોત થયા છે. તો બીજી તરફ ૩૩,૨૨૯ દર્દીઓ સાથે તમિલનાડુ બીજા ક્રમે છે જ્યાં ૨૮૯ લોકોના મોત થયા છે.

તો બીજી બાજું મુંબઈમાં સંક્રમિતોનો આંકડો ૫૦ હજારને પાર પહોંચી ગયો છે, શહેરમાં ૧૭૦૨ લોકોના મોત થયા છે. જ્યારે રાજ્યમાં ૮૮ હજાર ૫૨૮ સંક્રમિત મળ્યા છે, જેમાંથી ૪૦ હજારથી વધુ સાજા થઈ ચુક્યા છે. મુંબઈમાં દરરોજ જેટલા લોકો પોઝિટિવ મળી રહ્યા છે, તેમની સરખામણીમાં સાજા થનારા લોકોની ટકાવારી વધી રહી છે.

મહારાષ્ટ્ર, તમિલનાડુ, દિલ્હી અને ગુજરાત જેવા રાજ્યો કોરોના વાયરસથી સૌથી વધારે સંક્રમિત પ્રભાવિત રાજ્યો બની ગયા છે. મહારાષ્ટ્રમાં અત્યાર સુધી ૮૮,૫૨૮ કોરોના વાયરસના કેસ નોંધાયા છે જેમાંથી ૪૪,૩૮૪ સક્રિય કેસ છે. દિલ્હીમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની સંખ્યા ૨૯,૯૪૩ છે જેમાંથી ૮૭૪ લોકોના મોત થઈ ગયા છે.

મહારાષ્ટ્ર પોલીસે મંગળવારે જણાવ્યું કે, છેલ્લા ૨૪ કલાકમાં ડિપાર્ટમેન્ટમાં એક પણ નવો કેસ આવ્યો નથી. રાજ્યમાં અત્યાર સુધી ૨,૫૬૨ પોલીસ અને અધિકારીઓ સંક્રમિત થઈ ચુક્યા છે. સાથે જ ૩૪ જવાનોના મોત થયા છે. તમિલનાડુમાં કોરોના વાયરસના કેસ ૩૩,૨૨૯ થઈ ગયા છે. જેમાંથી ૧૫,૪૧૬ એક્ટિવ કેસ છે જ્યારે ૨૮૬ લોકોના મોત થઈ ગયા છે. રાજસ્થાનમાં ૧૦,૭૬૩ અને ઉત્તરપ્રદેશમાં ૧૦,૯૭૪ લોકો કોરોનાથી સંક્રમિત થઈ ગયા છે.

હિમાચલ પ્રદેશમાં આજે નવા ૮ કેસ નોંધાયા બાદ રાજ્યમાં કુલ કોરોના વાયરસ પોઝિટીવ કેસની સંખ્યા ૪૨૯ થઈ. જેમાં ૧૯૭ એક્ટિવ કેસ અને ૨૨૩ સાજા થયેલા દર્દી તથા ૫ મોતનો સમાવેશ થાય છે.

દરમ્યાનમાં આપ સરકારના જણાવ્યાં પ્રમાણે, રાજધાની દિલ્હીને આગામી જુલાઈ માસના અંત સુધીમાં ૮૦,૦૦૦ બેડની જરૂર પડશે. કેમ કે, દિલ્હીમાં ૩૧મી જુલાઈ સુધીમાં ૫.૫ લાખ કોવિડ કેસ થવાની સંભાવના છે.

આ સાથે જ સારી બાબત એ છે કે જેટલા એક્ટિવ કેસ છે, એટલા દર્દી સાજા થઈ રહ્યા છે. મંગળવાર સવાર સુધી ૧ લાખ ૨૯ હજાર ૩૪૫ દર્દી બિમાર છે. તો સામે ૧ લાખ ૨૯ હજાર ૯૫ સાજા થયા છે

લોકડાઉનના નિયમો હળવા બનતા દિવસો સધી ઘરમાં પૂરાયેલા લોકો હવે કામકાજે વળગતા રસ્તાઓ ટ્રાફિકથી ઉભરાયા છે.લોકડાઉનના ૭૫માં દિવસે ગુજરાત સહિત આજે ૨૫ રાજયોમાં મંદિરો બાદ ૧૭ રાજયોમાં મોલ, રેસ્ટોરન્ટ્સ ખૂલ્યા. દેશમાં શ્રદ્ધાળુઓ મંદિર, મસ્જિદ, ગુરૂદ્વારા અને ચર્ચ પર જઈને પ્રભુ પ્રાર્થનામાં લીન થયા છે. અનેક રાજયોમાં અમ્ફાન-નિસર્ગની અસરથી વરસાદની સ્થિતિ છે. હવે ચક્રાવાત શમી ગયો છે પરંતુ ઉત્તારીય જમ્મુ-કાશ્મિર તથા દિલ્હીમાં ભૂકંપની સ્થિતિ છે.

### ગૃહમંત્રીએ બંગાળમાં વર્ચ્યુઅલ રેલી યોજી મમતા સરકાર પર પ્રહાર કર્યા

# તમે રેલી, રોડ રોકી શકો છો, પરંતુ રાજ્યમાં પરિવર્તનને નહીં રોકી શકો: અમિત શાહ

*ન્યુ દિલ્હી,તા.૯*

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે બંગાળમાં પહેલી વર્ચ્યુઅલ રેલીની શરૂઆતમાં બંગાળની પવિત્ર ભૂમિને પ્રણામ કરતા કહ્યું કે કોરોનાથી જીવ ગુમાવનારાઓના આત્માને શાંતિ મળે. તેમણે કહ્યું કે કોરોનાકાળમાં જનસંવાદનો રસ્તો શોધ્યો છે. બંગાળમાં ભાજપ કાર્યકરોનું બલિદાન ભાજપના નિર્માણમાં મહત્વનું છે. રાજકારણમાં હિંસાને કોઈ સ્થાન નથી. આ રેલી વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી દિલ્હીથી જ કરવામાં આવી રહી છે. રાજકીય રીતે જોવા જઈએ તો પશ્ચિમ બંગાળ ભાજપ માટે ખુબ મહત્વનું છે. પાર્ટી એ લોકસભા ચૂંટણીમાં જબરદસ્ત પ્રદર્શન કર્યું હતું. ત્યારબાદ હવે નજર આગામી વિધાનસભા ચૂંટણી પર છે. અમિત શાહે કહ્યું કે બંગાળમાં લોકસભાની ચૂંટણીમાં ૪૨ બેઠકોમાંથી ૧૮ બેઠકો ભાજપે જીતી હતી. તે તેમના માટે સૌથી વધુ મહત્વપૂર્ણ છે. પોતાના સંબોધનમાં શાહે કહ્યું કે ભાજપ બંગાળને સોનાર બાંગ્લા બનાવવા માંગે છે. ભાજપ સંસ્કારી બંગાળ બનાવવા માંગે છે. બંગાળની જનતાને પીએમ મોદીનું સમર્થન છે. ૬ વર્ષમાં ગરીબોના બેન્ક્રમાં ખાતા ખોલ્યા છે.તેમણે કહ્યું કે મમતા બેનરજીએ શ્રમિકોનું અપમાન કર્યું છે. શ્રમિક ટ્રેનને તમે કોરોના એક્સપ્રેસ કહી છે પરંતુ તે જ તમને રાજ્યમાંથી બહાર કરશે. તમે મજૂરોના ઘાવ પર મીઠું ભભરાવી રહ્યાં છો અને તેઓ આ અપમાન ક્યારેય ભૂલશે નહીં. શાહે કહ્યું કે જે બંગાળમાં રવિન્દ્ર સંગીતની ધુન સંભળાતી હતી તે બંગાળ આજે બોમ્બ ધડાકાથી હચમચી રહ્યું છે. ગોળીઓનો અવાજ, હત્યાઓ, અને લોકોની ચિત્કારથી સન્નાટો છવાયો છે. કોમી તોફાનોથી તેના આત્માને ખુબ મોટુ નુકસાન થયું છે.

મમતા બેનરજી પર નિશાન સાધતા તેમણે કહ્યું કે મમતા સરકાર આયુષ્યમાન ભારત યોજનાને બંગાળમાં લાગુ થવા દેતા નથી. ગરીબોને મફત સારવારનો લાભ મળતો નથી. કેજરીવાલે આયુષ્યમાન ભારત યોજનાનો સ્વીકાર કર્યો પરંતુ મમતા બેનરજીએ નહીં. આયુષ્યમાન યોજનાથી દેશના ગરીબોની મફત સારવાર થઈ રહી છે. અમારી સરકાર ૬ વર્ષથી સમસ્યાઓનું સમાધાન કરી રહી છે. મમતા બેનરજીને આડે હાથ લેતા તેમણે કહ્યું કે મમતાદીદી તમે હિસાબ માંગતા રહો, હું તો હિસાબ લઈને આવ્યો છું. પરંતુ તમે પણ કાલે પ્રેસ કોન્ફરન્સ કરીને પોતાની સરકારનો હિસાબ આપો અને ક્યાંક બોમ્બ ધડાકા કે બંધ થયેલી ફેક્ટરીઓના નંબર ખોટા ન આપી દેતા. ભાજપના માર્યા ગયેલા કાર્યકરોની સંખ્યા જરૂરી બતાવજો.

સીએએ પર અમિત શાહ બોલ્યા કે મે તે દિવસે મમતા બેનરજીનો ચહેરો જોયો હતો. તેઓ ખુબ ગુસ્સામાં હતાં. યોગ્ય રીતે નામ લેવાની તમીઝ પણ રહી ન હતી. બાંગ્લાદેશથી જે બંગાળીઓ આવ્યાં હતાં તેમણે તમારું શું બગાડ્યું. તેમને નાગરિકતા મળે તેનાથી તમને શું તકલીફ હતી. તમે સીએએનો વિરોધ કરી રહ્યા છો. બંગાળની જનતા તમને રાજકીય શરણાર્થી બનાવવાની છે.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**

**કોરોના નવા કેસની સંખ્યા : ૪૭૧**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો**

**પહોંચ્યો : ૨૧૦૪૪**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**

**લોકોનાં મૃત્યુ: ૩૩**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા**

**દર્દીઓની સંખ્યા : ૪૦૯**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ**

**દર્દીઓની સંખ્યા : ૧૪૩૭૩**

### કોરોના વાયરસની દુનિયાની અર્થવ્યવસ્થા પર ખરાબ અસર પડશે

# બીજા વિશ્વ યુદ્ધ પછીની સૌથી ભયંકર મંદી: વર્લ્ડ બેંક

*ન્યુ દિલ્હી,તા.૯*

કોરોના વાયરસની અસર દુનિયાની અર્થવ્યવસ્થા પર ખૂબ ખરાબ પડવાની છે. વર્લ્ડ બેંકએ પોતાના નવા રિપોર્ટ ગ્લોબલ ઈકોનોમિક પ્રોસ્પેક્ટમાં તેને લઈને ચિંતા વ્યક્ત કરી છે. વર્લ્ડ બેંકના પ્રેસિડન્ટ ડેવિડ મલપાસ અનુસાર ૧૮૭૦ બાદ આ પહેલો પ્રસંગ હશે, જ્યારે મહામારીના કારણે વૈશ્વિક અર્થવ્યવસ્થામાં મંદી આવશે. આ વાત તેમણે તેમની ભૂમિકામાં કહી છે. નોંધનીય છે કે, વૈશ્વિક અર્થવ્યવસ્થામાં ૧૮૭૦ બાદ અત્યાર સુધી ૧૪ વાર મંદી આવી છે. આ મંદી ૧૮૭૬, ૧૮૮૫, ૧૮૯૩, ૧૯૦૮, ૧૯૧૪, ૧૯૧૭-૨૧, ૧૯૩૦-૩૨, ૧૯૩૮, ૧૯૪૫-૪૬, ૧૯૭૫, ૧૯૮૨, ૧૯૯૧, ૨૦૦૯ અને ૨૦૨૦માં આવી છે.

વર્લ્ડ બેંક ના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે પ્રતિ વ્યક્તિ આવકમાં ૩.૬ ટકા ઘટાડો થવાની આશંકા છે. તેના કારણે આ વર્ષે કરોડો લોકો ભીષણ ગરીબીમાં ફસાઈ જશે. જે દેશોમાં મહામારીનો સૌથી વધુ પ્રસાર થશે અને ત્યાંની અર્થવ્યવસ્થા વૈશ્વિક વેપાર, પર્યટન, કમોડિટી નિકાસ અને એક્સટર્નલ ફાઈનાન્સિંગ પર વધુ નિર્ભર હેશ, ત્યાં ગરીબી સૌથી વધુ વધશે.




કોરોના વાયરસના કારણે વૈશ્વિક અર્થવ્યવસ્થામાં બીજા વિશ્વ યુદ્ધ બાદ સૌથી વધુ મંદી આવશે. અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે આ વર્ષે વૈશ્વિક અર્થવ્યવસ્થામાં ૫.૨ ટકાનો ઘટાડો આવી જશે.ભારત સહિત દુનિયાભરની અર્થવ્યવસ્થા પર શું થશે અસર? વિશ્વ બેંકે એ વાતની આશંકા વ્યક્ત કરી છે કે આ વર્ષે ભારતીય અર્થવ્યવસ્થામાં ૩.૨ ટકાનો ઘટાડો આવશે.

નોંધનીય છે કે, આ દર ૨૦૧૭માં ૭ ટકા હતો, જે ૨૦૧૮માં ઘટીને ૬.૧ ટકા રહી ગઈ. ૨૦૧૯-૨૦માં તે વધુ ઘટી અને ૪.૨ ટકા પર પહોંચી ગયો. કોરોના વાયરસ અને લૉકડાઉનની અસલી અસર આ નાણાકીય વર્ષમાં જોવા મળશે.

રિપોર્ટમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે આ વર્ષે વિકસિત દેશોની અર્થવ્યવસ્થા ૭ ટકા થઈ જશે અને વિકાસશીલ દેશોની ઈકોનોમીમાં પણ ૨.૫ ટકાનો ઘટાડો આવી શકે છે.

### દિલ્હીના ડે.મુખ્યમંત્રી સિસોદિયાની ડરામણી ભવિષ્યવાણી

# દિલ્હીમાં જુલાઈના અંત સુધી કોરોનાના કેસો ૫ લાખની પાર જશે

*ન્યુ દિલ્હી,તા.૯*

કોરોના વાયરસની ઝપટમાં બહુ ખરાબ રીતે ફસાયેલા દિલ્હીની ભવિષ્યની તસવીર વધુ ભયાનક થવાની છે. દિલ્હીના ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયાના મતે દિલ્હીમાં ૩૧ જુલાઇ સુધીમાં સાડા પાંચ લાખ કેસ થઇ શકે છે.

સિસોદિયાએ એમ પણ કહ્યું કે કેન્દ્ર સરકાર માને છે કે હાલ દિલ્હીમાં કમ્યુનિટી સ્પ્રેડ થઇ રહ્યું નથી. જ્યારે દિલ્હી સરકારને લાગે છે કે તે શરૂ થઇ ગયું છે. સિસોદિયાએ આ વાત એસડીએમએ (સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી)ની બેઠક બાદ કહી. તેમાં રાજ્યપાલ અનિલ બૈજલ પણ સામેલ હતા.

મનીષ સિસોદિયાએ કહ્યું કે ૧૫મી જૂન સુધીમાં દિલ્હીમાં કોરોનાના કુલ કેસ ૪૪૦૦૦ સુધી પહોંચી શકે છે. આંકડા ૩૦ જૂન સુધી એક લાખ સુધી પહોંચી શકે છે. તો ૧૫મી જુલાઇ સુધીમાં કોરોનાના કેસ સવા લાખ થશે. જુલાઇ સુધીમાં દર્દીઓની સંખ્યા સાડા પાંચ લાખ સુધી પહોંચી શકે છે.

મનીષ સોસોદિયાએ કહ્યું કે દિલ્હી સરકારે જે દિલ્હીમાં માત્ર દિલ્હીના લોકોની સારવારનો નિર્ણય લીધો હતો તેને પલ્ટયો તે યોગ્ય નથી. તેનાથી દિલ્હીવાળાઓ માટે સંકટ પેદા થઇ ગયું છે. સિસોદિયાએ કહ્યું કે મીટિંગમાં ઉપરાજ્યપાલ અનિલ બૈજલને તેના પર ફરીથી વિચાર કરવાનું કહ્યું છે. પરંતુ તેમણે ના પાડી દીધી છે.

દિલ્હીમાં જે સ્પીડથી કેસ વધી રહ્યા છે તેનાથી કમ્યુનિટી સ્પ્રેડનો ખતરો વધી રહ્યો છે. દિલ્હીના સ્વાસ્થ્ય મંત્રી સત્યેન્દ્ર જૈને સ્પષ્ટપણ કહ્યું કે દિલ્હીમાં કોમ્યુનિટી સ્પ્રેડ શરૂ થઇ ગયું છે. પરંતુ હાલ કેન્દ્ર સરકારના પ્રતિનિધિઓ આજની બેઠકમાં તેને માનવાની ના પાડી દીધી. મીટિંગ બાદ પણ જૈને કહ્યું કે દિલ્હી સરકાર સ્પષ્ટ કહી રહી છે કે કમ્યુનિટી સ્પ્રેડ છે પરંતુ તેને જાહેર કરવાનો અધિકાર કેન્દ્ર સરકારની જ પાસે છે.

# ૧૫ દિવસમાં તમામ પ્રવાસી શ્રમિકોને ઘરે મોકલવામાં આવે: સુપ્રિમનો આદેશ

*ન્યુ દિલ્હી,તા.૯*

પ્રવાસી મજૂરના મામલે સુપ્રીમ કોર્ટે મંગળવારે પોતાનો ચુકાદો સંભળાવ્યો છે. સુપ્રીમ કોર્ટે પોતાના આદેશમાં કહ્યુ કે તમામ મજૂરોનુ રજિસ્ટ્રેશન કરવામાં આવે અને આજથી ૧૫ દિવસની અંદર મજૂરોને તેમના ઘરે મોકલવામાં આવે. કોર્ટે કહ્યુ કે ટ્રેનની માગના ૨૪ કલાકની અંદર કેન્દ્ર સરકાર તરફથી વધારે ટ્રેન આપવામાં આવશે.સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારોને કહ્યુ કે પ્રવાસી મજૂરો માટે કાઉન્સલિંગ સેન્ટરની સ્થાપના કરવામાં આવે. તેમનો ડેટા એકત્ર કરવામાં આવે, જે ગામ સ્તરે અને બ્લોક સ્તરે થાય. આ સાથે જ તેમની સ્કિલની મેપિંગ કરવામાં આવે. જેનાથી રોજગાર આપવામાં મદદ મળે. જે મજૂર પાછા કામ પર પાછા આવવા ઈચ્છે છે તેમને રાજ્ય સરકાર મદદ કરે.પોતાના આદેશમાં સુપ્રીમ કોર્ટે કહ્યુ કે માઈગ્રેશન દરમિયાન મજૂરો પર નોંધાયેલા લોકડાઉન ઉલ્લંઘનના કેસ પાછા લેવામાં આવે. તમામ મજૂરોનુ રજિસ્ટ્રેશન કરવામાં આવે અને જે મજૂર ઘરે જવા ઈચ્છે છે તેમને ૧૫ દિવસની અંદર ઘરે મોકલવામાં આવે. જો રાજ્ય સરકાર વધારે ટ્રેનની માગ કરે છે તો કેન્દ્ર સરકાર ૨૪ કલાકની અંદર માગ પૂરી કરે.આ સાથે જ સુપ્રીમ કોર્ટે રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશો સાથે મજૂરોને રોજગાર આપવા માટે સ્કીમ બનાવવાનો આદેશ આપ્યો છે. આ વિશે પ્રદેશોને સુપ્રીમ કોર્ટને જાણકારી આપવી પડશે. સુપ્રીમ કોર્ટે કહ્યુ કે મજૂરોને તમામ સ્કીમનો લાભ આપવામાં આવે અને સ્કીમ વિશે જણાવવામાં પણ આવે.

## તંત્રી સ્થાનેથી...

# આર્થિક સહાય-પેકેજની અનેક જાહેરાતો છતાં દેશમાં આંધળા પાટાપાટાની સ્થિતિ કેમ....?

કોરોના મહામારીએ વિશ્વના દેશોને હચમચાવતી નાખ્યા છે. તો દરેક દેશ પોતપોતાના અર્થતંત્રને પાટે ચઢાવવા માટે ઉદ્યોગ, વેપાર, ધંધા,માર્કેટો સહિતનાને શરતોને આધીન છૂટછાટો આપી દીધી છે.... પરંતુ કોરોના દિન-બ-દિન આગળ વધતો જઈ રહ્યો છે જે અટકવાનું નામ જ લેતો નથી. જ્યારે કે વિશ્વની મહાસત્તાઓ સહિત કોઈ પણ દેશ કોરોના મારક દવા કે રસી શોધવામાં સફળ થયો નથી.....! આમ છતાં અમેરિકા, ઈરાન સહિતના છ જેટલા દેશોએ કોરોના દવા શોધી કાઢી હોવાના દાવા કર્યા છે... પરંતુ તેમાં સફળતા મળી હોવાનો દાવો થયો નથી. જોકે જે દવા શોધી છે તેના પ્રયોગો ચાલી રહ્યા છે. તેવા દાવા જે તે દેશ કરી રહ્યા છે... આ બધું છતાં કોરોના કંટ્રોલ થઈ શક્યો નથી તે એક દીવા જેવી સ્પષ્ટ હકીકત છે....! ટ્રમ્પની જીદ કે તૂડમિજાજ અમેરિકી પ્રજાને ભારે પડ્યો છે.... તો ભારતે પણ ભૂલ તો કરી છે.....! પરંતુ **lockdown** ના પગલાએ લોકોમાં આત્મવિશ્વાસ પેદા કર્યો હતો અને કોરોના સાકળ તૂટશેજ એવી શ્રદ્ધા દરેકને હતી.... પરંતુ **lockdown** દરમિયાન જે પણ જરૂરી મેડિકલ સુવિધા સહિતની વ્યવસ્થા કરવી જોઈએ તે થઈ શકી ન હતી.....! છતાં એક બાબત સ્વીકારવી રહી કે કોરોના માટે સ્પેશ્યલ ૧૦૦૦- ૧૨૦૦ બેડ ની હોસ્પિટલો ઊભી કરવામાં સફળતા મળી હતી. પરંતુ વસ્તીના પ્રમાણમાં રેપીડ ટેસ્ટ સહિતની સુવિધાઓમા ભારે કમી હતી તો માસ્ક- ૯૫ કે પીપીઈ કિટ પણ ઉપલબ્ધ કરવામાં ઢીલી નીતિ ચાલી હતી....! પરિણામે ડોક્ટરો- નર્સો- મેડિકલ કર્મચારીઓ પણ કોરોનાની ચપેટમાં આવી ગયા હતા. ભારતમાં પણ કોરોના કેસો વધવા લાગ્યા હતા. કેન્દ્ર સરકારે અને રાજ્ય સરકારોએ સહાય માટે અનેક જાહેરાતો કરી હતી. પરંતુ જેના થકી આમ બજારો ધમધમતા રહે છે તે ગરીબ, મજૂર, મધ્યમ વર્ગ, ખેડૂતોના ખીસ્સામાં સીધી આર્થિક સહાય મળે તેવા કોઈ પગલા સરકારે લીધા નહીં... તેમજ આર્થિક સહાય-પેકેજ લાભો વગેરે જાહેર કર્યા તેમાં ઉદ્યોગ, વેપાર, ધંધાને જ પ્રાધાન્ય આપવામાં આવ્યું.... જેના કારણે આજની તારીખે અનલોક-૧ની મોટી છૂટછાટો છતાં બજારોએ જે ચમક ગુમાવી છે તે પરત આવી નથી.... અને તે આવતા પણ બે-પાંચ વર્ષ નીકળી જવાની શક્યતા છે એવું બજારોના જાણકારોનું કહેવું છે. તો આર્થિક નિષ્ણાતો પણ દેશના અર્થતંત્રની ગાડી પાટા પર ક્યારે ચડશે તે કહેવામાં પણ થોથવાઈ જાય છે.....! તો સરકારના આર્થિક સલાહકારો ભારત એક ખેતીપ્રધાન દેશ છે અને આમ પ્રજામાં તેમા પણ ગામડાઓ અને નાના શહેરોમાં જે સ્વનિર્ભરતા છે તેને પારખી શક્યા નથી....! તે પણ એક હકીકત છે પરિણામે દેશમાં આંધળા પાટાની સ્થિતી બની ગઈ છે.....!!

ભારતમાં અનલોક-૧ માટે છૂટછાટો આપી અનલોક ફેઝ-૨મા વધુ છૂટછાટો આપી.... પરંતુ તેના નીતિ નિયમોનુ પાલન પણ થતું નથી.... **distance** જળવાતું નથી અને અનેક લોકો માસ્કથી દૂર રહે છે....! તો હાથ ધોવાની વાત જ ક્યાં કરવી....? પરિણામે ભારતમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૨,૫૮૦૦૦ પર પહોંચવાની તૈયારી છે....! તો મૃતાક ૭૨૧૯ પહોંચી ગયો છે. રોજેરોજ કોરોનાના નવા કેસો પણ વધી રહ્યા છે.તો મહામારીના સમયમાં પક્ષાપક્ષી નું રાજકારણ ભૂલીને દરેકે એક થઈને કોરોનાને લડત આપવી જરૂરી છે ત્યારે સત્તાના ખેલ ખેલવાનું રાજકારણીઓએ ચાલુ રહ્યું છે....! જેના કારણે આમ પ્રજા વધુ મુશ્કેલીમાં મુકાઈ ગઈ છે- પરેશાન થઈ રહી છે. કોરોનાનો સામનો કરવાના લાંબા સમયથી અનેક દાવા સરકાર કરી રહી છે. તો મેડીકલ સેવા સૉશ્રુષાની વ્યવસ્થા આયોજનના અવારનવાર દાવા કરવામાં આવી રહ્યા છે. પરંતુ તેનો અમલ કરવામાં કેટલી ગંભીરતા લેવામા આવે છે....?તેવા પ્રશ્નો ઉદભવ્યા પામ્યા છે... કારણ રોજેરોજ કોરોના કેસોનો વધારો થઈ રહ્યો છે... અનલોક-૧ ની છૂટછાટનો અર્થ એ ન હોવો જોઈએ કે લોકોને તેમના ભાગ્ય પર છોડી દેવામાં આવે......! ગુજરાતમાં આરોગ્યતંત્ર અધિકારીઓની ભૂલો છે- અખતરા છે અને તેના કારણે અમદાવાદ વુહાન બનવા તરફ જઈ રહ્યું છે....! દેશભરમાં કોરોના સારવારને લઈને જુદા જુદા અર્થઘટન કરવામાં આવી રહ્યા છે.... તો જે તે રાજ્યો વચ્ચે, કેન્દ્ર વચ્ચે સંકલનનો અભાવ પણ અનુભવાઈ રહ્યો છે.....! રહેણાકથી લઈને હોસ્પિટલોની જરૂરી વ્યવસ્થા, લોકોનું આરોગ્ય જાળવતા કે દર્દીની સેવા કરતા ડોક્ટરોની ટીમનો સંવેદનશીલ વ્યવહાર- વર્તન તરફ વિશેષ ધ્યાન આપવું જરૂરી છે. કારણ હોસ્પિટલોના અને કોરોના દર્દી કે કેટલાક મૃત્યુ બાબતે એવા અહેવાલો આવ્યા છે કે લોકોમાં ડર વધવા લાગ્યો છે.....! ત્યારે હવે કોરોના દર્દી કે તેનો પરિવાર રામ ભરોસે છે તેવી અનુભૂતિ ન થાય તેવું નક્કર આયોજન સરકાર ખુદ કરે..... બાકી અધિકારીઓના ભરોસે સરકાર ચાલશે.... તો આમ પ્રજાને જ ભોગવવાનું રહેશે....! વંદે માતરમ્

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૧૦/૦૬/૨૦૨૦, બુધવાર, જેઠ વદ-૫
સૂર્યોદય-૬-૦૩, સૂર્યાસ્ત-૭-૨૮, જૈન નવકારશી-૭-૫૧,
આજની રાશિ : કુંભ (ગ.સ.), નક્ષત્રઃ શ્રવણ

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

**- શુભ ચોઘડીયા -**
૬-૦૪ થી લાભ-અમૃત-૯-૨૫ સુધી, ૧૧-૦૬ થી શુભ-૧૨-૪૬ સુધી,૧૬-૦૮ થી ચલ-લાભ-૧૯-૨૯ સુધી, ૨૦-૪૯થી શુભ-અમૃત-ચલ-૨૪-૪૭ સુધી

**- શુભ હોરા-**
૬-૦૪ થી ૮-૧૮ સુધી, ૯-૨૫ થી ૧૦-૩૮ સુધી, ૧૨-૪૬ થી ૧૬-૦૮ સુધી ૧૭-૧૫થી ૧૮-૨૨ સુધી

# સોના-ચાંદીના વાયદાના ભાવમાં સામસામા રાહઃ સોનામાં વૃદ્ધિઃ ચાંદી ઢીલીઃ ક્રૂડ તેલમાં ઘટાડો

**કપાસ, કોટન, એલચી, મેન્થા તેલના વાયદાના ભાવમાં સાર્વત્રિક નરમાઈનો માહોલઃ સીપીઓમાં સુધારાનો સંચારઃ પ્રથમ સત્રમાં રૂ. ૧૨૯૬૮.૦૩ કરોડનું ટર્નઓવર**

મુંબઈ

વિવિધ કોમોડિટી વાયદા અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૨૧૯૭૩૨ સોદામાં રૂ. ૧૨૯૬૮.૦૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાઓનો હિસ્સો રૂ. ૧૨૬૭૨.૩૮ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૨૯૫.૬૫ કરોડનો રહ્યો હતો. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં સામસામા રાહ હતા. સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૩૦૯ વધવા સામે ચાંદીનો વાયદો કિલોદીઠ રૂ.૬૧ ઘટ્યો હતો. બિનલોહ ધાતુઓમાં મિશ્ર વલણ હતું. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ ઘટવા સામે નેચરલ ગેસ વધ્યું હતું. કૃષિ કોમોડિટીઝમાં કપાસ, કોટન, એલચી, મેન્થા તેલના વાયદાના ભાવમાં સાર્વત્રિક નરમાઈનો માહોલ હતો, જ્યારે સીપીઓમાં સુધારાનો સંચાર થયો હતો.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૧૨૧૯૯ સોદાઓમાં રૂ. ૭૧૯૨.૩૧ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૬૦૭૫ ખૂલી, ઊપરમાં રૂ. ૪૬૪૯૧ અને નીચામાં રૂ. ૪૫૯૫૦ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૦૯ વધીને રૂ. ૪૬૪૧૦ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જૂન કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૧૮ વધીને ૮ ગ્રામદીઠ રૂ. ૩૭૪૩૬ અને ગોલ્ડ-પેટલ જૂન કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૦ વધીને ૧ ગ્રામદીઠ રૂ. ૪૬૬૭ થયા હતા, જ્યારે સોનું-મિની જુલાઈ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૬૪ વધીને બંધમાં રૂ. ૪૬૩૭૪ ના ભાવ રહ્યા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૪૮૧૦૦ ખૂલી, ઊપરમાં રૂ. ૪૮૨૯૮ અને નીચામાં રૂ. ૪૭૮૦૦ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૬૧ ઘટીને રૂ. ૪૮૧૨૪ બંધ રહ્યો હતો. ચાંદી-મિની જૂન રૂ. ૯૧ ઘટીને રૂ. ૪૮૪૪૭ અને ચાંદી-માઈક્રો જૂન રૂ. ૯૨ ઘટીને રૂ. ૪૮૪૪૦ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૮૨૧૯૧ સોદાઓમાં રૂ. ૨૯૫૦.૦૬ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જૂન કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૨૯૧૩ ખૂલી, ઊપરમાં રૂ. ૨૯૨૮ અને નીચામાં રૂ. ૨૮૦૫ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૯ ઘટીને રૂ. ૨૮૫૩ બંધ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં ૨૬૩૫ સોદાઓમાં કુલ રૂ. ૨૪૦.૧૬ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન જૂન વાયદો ગાંસડીદીઠ રૂ. ૧૬૭૧૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૬૭૬૦ અને નીચામાં રૂ. ૧૬૫૫૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૯૦ ઘટીને રૂ. ૧૬૫૮૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ જૂન કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ. ૬૭૫.૯ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ. ૮.૭ વધીને બંધમાં રૂ. ૬૭૫.૮ ના ભાવ હતા, જ્યારે એલચી જુલાઈ વાયદો કિલોદીઠ રૂ. ૧૪૫૦ ખૂલી, અંતે રૂ. ૨૪.૫ ઘટીને રૂ. ૧૪૫૦ થયો હતો. મેન્થા તેલ જૂન વાયદો કિલોદીઠ રૂ. ૧૦૫૧ ખૂલી, ઊપરમાં રૂ. ૧૦૫૫.૧ અને નીચામાં રૂ. ૧૦૩૪.૧ રહી, અંતે રૂ. ૧૦૪૩.૨ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ. ૧૦૪૫.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૧૦૫૦.૫ અને નીચામાં રૂ. ૧૦૪૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૪.૫૦ ઘટીને રૂ. ૧૦૪૨.૫ ના સ્તરે બંધ રહ્યો હતો.

વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૩૦૩૯૭ સોદાઓમાં કુલ રૂ. ૪૨૬૪.૯૨ કરોડ ની કીમતનાં ૯૨૨૫.૩૬૨ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૮૧૮૦૨ સોદાઓમાં કુલ રૂ. ૨૯૨૭.૩૯ કરોડ ની કીમતનાં ૬૦૬.૬૩૩ ટન, ક્રૂડ તેલમાં ૫૩૬૧૯ સોદાઓમાં રૂ. ૨૧૬૫.૦૫ કરોડનાં ૭૫૪૧૬૦૦ બેરલ્સ, કોટનમાં ૩૪૩ સોદાઓમાં રૂ. ૧૯.૨૨ કરોડનાં ૧૧૫૨૫ ગાંસડી, સીપીઓમાં ૨૨૧૪ સોદાઓમાં રૂ. ૨૧૬.૧૩ કરોડનાં ૩૨૦૩૦ ટન, એલચીમાં ૩ સોદાઓમાં રૂ. ૪.૩૧ લાખનાં ૦.૩ ટન, મેન્થા તેલમાં ૩૧ સોદાઓમાં રૂ. ૩.૮૩ કરોડનાં ૩૬.૭૨ ટન, કપાસમાં ૪૪ સોદાઓમાં રૂ. ૯૪.૦૨ લાખનાં ૧૮૦ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૨૧૦૯૩.૨૮૯ કિલો, ચાંદીના વાયદાઓમાં ૪૮૬.૬૧૬ ટન, ક્રૂડ તેલમાં ૫૨૧૭ બેરલ્સ, કોટનમાં ૧૦૭૬૦૦ ગાંસડી, સીપીઓમાં ૪૯૧૭૦ ટન, એલચીમાં ૧ ટન, મેન્થા તેલમાં ૬૦.૪૮ ટન અને કપાસમાં ૨૪૦ ટનના સ્તરે રહ્યો હતો.

કોમોડિટી ઓપ્શન્સમાં કુલ રૂ. ૨૯૫.૬૫ કરોડનું ટર્નઓવર (નોશનલ) થયું હતું, જ્યારે પ્રીમિયમ ૬.૮૮ કરોડ નું રહ્યું હતું. ઓપ્શન્સના કુલ વોલ્યુમમાં કોલ ઓપ્શન્સનો હિસ્સો ૪૭.૨૪ ટકાનો અને પુટ ઓપ્શન્સનો હિસ્સો ૫૨.૭૬ ટકાનો હતો.

સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૪૭૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૨૮.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૮૧૫ અને નીચામાં રૂ. ૫૮૮ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૭૮૭ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૫૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૮૫ ખૂલી, ઊપરમાં રૂ. ૫૧૦ અને નીચામાં રૂ. ૩૭૬ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૪૦૦ બંધ રહ્યો હતો.

ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૪૮૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જૂન કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૧૩૬૫ ખૂલી, ઊપરમાં રૂ. ૧૫૦૨ અને નીચામાં રૂ. ૧૩૬૨.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૪૨૯.૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૩૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જૂન કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૧૧૨.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૧૧૨.૫ અને નીચામાં રૂ. ૧૦૪.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૦૮.૫ બંધ રહ્યો હતો.

ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૩૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જૂન કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૯૯ ખૂલી, ઊપરમાં રૂ. ૧૦૦ અને નીચામાં રૂ. ૫૯.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૭૨ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૨૮૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જૂન કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૭૮.૬ ખૂલી, ઊપરમાં રૂ. ૧૩૦ અને નીચામાં રૂ. ૭૬ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૦૯.૨ બંધ રહ્યો હતો.

# શ્રી પી.એમ.કોઠારી હાઈસ્કુલ, ટીટોઈનું ગૌરવઃતેજસ્વી તારલા ઝળકયાં

મોટી ઈસરોલ, તા.૯

ગુ.મા.શિ. અને ઉ.મા.શિ. બોર્ડ દ્વારા ધોરણ-૧૦ નું પરિણામ આજરોજ જાહેર થયું. તેમાં મોડાસા તાલુકાની ટીટોઇ એજયુકેશન સોસાયટી સંચાલિત શ્રી પી.એમ.કોઠારી હાઈસ્કુલ, ટીટોઈ ધોરણ-૧૦ પરિણામ જાહેર થતાં ટીટોઈ કેન્દ્રમાં પ્રથમ પટેલ દેવાંશી રમેશભાઈ ૯૬.૯૮ૅ બિીજા નંબરે પટેલ નેહારકુમાર ધિરેન્દ્રભાઈ ૯૬.૬૫ૅ, ત્રીજા નંબરે પંચાલ સક્ષીબેન રાજેશભાઈ ૯૬.૪૮ૅ થી પાસ થઈ શાળા, કેન્દ્ર અને ગામનું નામ રોશન કરેલ છે. શાળા મંડળના પ્રમુખશ્રી કમલભાઈ ભટ્ટ, ચેરમેનશ્રી પ્રહલાદસિંહજી ચંપાવત (ટોમબાપુ), માનદમંત્રી શ્રી મુળજીભાઈ પંડ્યા, કિર્તીભાઇ શાહ, વિષ્ણુભાઈ મુખી, શ્રી હરેશભાઈ વ્યાસ, શ્રી મનોજકુમાર ભટ્ટ, આચાર્યશ્રી વિજયકુમાર ભટ્ટ, સુ.વા.શ્રી બિપીનભાઈ શાહ તેમજ તમામ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ પરિવાર દ્વારા તમામ બાળકો, અને તમામ શિક્ષક મિત્રોને ખૂબ ખૂબ અભિનંદન પાઠવી પ્રોત્સાહિત કરી ભાવિ શૈક્ષણિક શુભેચ્છા પાઠવી હતી. ભાવિ ઉચ્ચ અભ્યાસ કરી સુંદર પરિણામ લાવી સમાજમાં આગવું સ્થાન પ્રાપ્ત કરો અને શાળાનું નામ રોશન કરો તે માટે બાળકોને ધ્વનિ સંદેશથી શુભેચ્છા પાઠવી હતી...

# આજે અને આવતીકાલે રાજ્યના અનેક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી



ગાંધીનગર,તા.૯

ગુજરાતમાં પણ પ્રિ મોન્સૂન અને સાયક્લોનિક સર્ક્યુલેશનની અસર વર્તાવા લાગી છે. આજે ગુજરાતના અનેક વિસ્તારોમાં વરસાદી માહોલ જોવા મળ્યો છે. હવામાન વિભાગે પણ આગાહી કરતા જણાવ્યું છે કે, રાજ્યમાં પ્રિ મોન્સૂન અને સાયક્લોનિક સર્ક્યુલેશનની અસર શરૂ થઈ ગઈ છે. જેના કારણે ૧૦મી અને ૧૧ મી જૂને અનેક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ ખાબકી શકે છે. હવામાન વિભાગની ગુજરાતમાં આગામી ૫ દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. બંગાળની ખાડી પર અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશનની અસર હવે રાજ્યમાં વર્તાવા લાગી છે. જેના કારણે આગામી ૫ દિવસ રાજ્યમાં વરસાદી માહોલ રહેશે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે સૌરાષ્ટ્રમાં આજે ભારે વરસાદ પડશે. ભાવનગર, અમરેલીમાં પણ ભારે વરસાદની આગાહી કરી છે, તેવી રીતે પોરબંદર, દ્વારકામાં પણ ભારે વરસાદ રહેશે. પરંતુ અમદાવાદ અને ગાંધીનગરમાં સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, બંગાળની ખાડીમાં ૨૪ કલાક બાદ લો પ્રેશર બનશે, જે ધીમેધીમે આગળ વધી રહ્યું છે.સમગ્ર ગુજરાતમાં હાલ ચોમાસાની સિઝનની શરૂઆત થઈ નથી પણ હાલ વરસાદી માહોલ જામ્યો છે ત્યારે હવામાન વિભાગે વરસાદને લઈને આગાહી કરી છે. આગામી પાંચ દિવસ ગુજરાતના મોટા ભાગના જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે.

### ધો.૧૦નું કુલ ૬૦.૬૪% પરિણામ જાહેર, ગત ૫ વર્ષ કરતા સૌથી ઓછું રિઝલ્ટ

# અભણ ગુજરાત...!! રાજ્યની ૧૭૪ શાળાનું પરિણામ શૂન્ય

ગાંધીનગર,તા.૯

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચમાં લેવાયેલી ધોરણ.૧૦ની બોર્ડની પરીક્ષાનું સવારે ૬ વાગ્યાથી ઓનલાઈન પરિણામ જાહેર કરી દેવામાં આવ્યું છે. કોરોના મહામારીના હિસાબે બોર્ડની પરીક્ષામાં બેઠેલા રાજ્યના ૧૦.૮૩ લાખ વિદ્યાર્થીઓની આતુરતાનો અંત આવ્યો છે. કોરોના વચ્ચે ધોરણ-૧૦નું ૬૦.૬૪ ટકા પરિણામ બોર્ડની વેબસાઈટ પર જાહેર કરવામાં આવ્યું છે. ૨૦૧૯માં ધો.૧૦નું પરિણામ ૬૬.૯૭ ટકા જાહેર થયું હતુ, તે સંદર્ભે ગત વર્ષ કરતા લગભગ ૫ ટકા ઓછું પરિણામ જાહેર કરાયું છે. ચાલુ વર્ષે વિદ્યાર્થીઓ કરતા વિદ્યાર્થિનીઓનું પરિણામ વધુ આવ્યું છે ૫૬.૫૩% પરિણામ વિદ્યાર્થીઓનું છે જ્યારે ૬૦.૦૨ ટકા પરિણામ વિદ્યાર્થિનીઓનું છે. સૌથી વધુ સુરત જિલ્લાનું ૯૪.૬૬ ટકા પરિણામ આવ્યું છે, જ્યારે દાહોદ જિલ્લાનું સૌથી ઓછું પરિણામ ૪૭.૪૭ ટકા છે. સૌથી ઓછું દાહોદના રૂવાબારી કેન્દ્રનું ૧૪.૯ ટકા પરિણામ આવ્યું છે, ગતવર્ષ કરતા ૬ ટકા ઓછું તો છે. સાથે-સાથે શિક્ષણનું સ્તર કથળતું જતું હોવાનું દેખાઈ રહ્યું છે. કેમકે ૧૦૦% પરિણામ લાવતી શાળાઓમાં ઘટાડો નોંધાયો છે અને સંખ્યા ૭૫ ઘટીને ૨૯૧ થઈ છે . જ્યારે ૩૦% થી નીચું પરિણામ લાવતી શાળા બમણી વધી ગઈ છે અને આંકડો ૧૮૩૯એ પહોંચ્યો છે. ત્યારે એવું કહી શકાય કે, શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી જેવા કાર્યક્રમની મોટી-મોટી વાતો કરતી સરકાર રિઝલ્ટના નિમ્ન સ્તરને સુધારી શકતી નથી. ૧૨૫ જેલના કેદીઓએ પણ ધોરણ-૧૦ની પરીક્ષા આપી હતી. ગુજરાત બોર્ડનું ધોરણ-૧૦નું પરિણામ જાહેર થયું છે ત્યારે છેલ્લા ૫ વર્ષમાં સૌથી ઓછું પરિણામ આવ્યું છે.આ વખતે ગ્રેડ પ્રમાણ જોઈએ તો રાજ્યભરમાંથી ફક્ત ૧૬૭૧ વિદ્યાર્થીઓ જ એ-વન ગ્રેડ મેળવી શક્યા છે. જ્યારે ૨૩,૭૫૪ વિદ્યાર્થીઓએ એ-ટુ અને ૫૮,૧૨૮ વિદ્યાર્થીઓએ બી-વન ગ્રેડ મેળવ્યો છે.

જ્યારે સૌથી વધુ પરિણામ બનાસકાંઠાના સપરેડા કેન્દ્રનું ૯૪.૭૮ ટકા આવ્યું છે. ચાલું વર્ષે ૧૦૦ ટકા પરિણામ ધરાવતી ૨૯૧ શાળાનો સમાવેશ થાય છે, જ્યારે ૧૭૪ શાળાનું પરિણામ ૦ ટકા આવ્યું છે. રાજયમાં ૧૮૩૯ શાળાનું પરિણામ ૩૦ ટકાથી ઓછું આવ્યું છે. ગુજરાતીનું ૫૭.૫૪ અને અંગ્રેજી માધ્યમનું ૮૬.૭૫ ટકા પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે હિંદી માધ્યમનું ૬૩.૯૪ ટકા પરિણામ આવ્યું છે. ધોરણ-૧૦ના પરિણામમાં અમદાવાદની વાત કરીએ તો ૬૫.૫૧ ટકા આવ્યું છે, જ્યારે રાજકોટનું ૬૪.૦૮ ટકા પરિણામ આવ્યું છે. વડોદરાનું ૬૦.૧૯ ટકા પરિણામ આવ્યું છે. આ વખતે ગ્રેડ પ્રમાણ જોઈએ તો રાજયભરમાંથી ફક્ત ૧૬૭૧ વિદ્યાર્થીઓ જ એ-વન ગ્રેડ મેળવી શક્યા છે. જયારે ૨૩,૭૫૪ વિદ્યાર્થીઓએ એ-ટુ અને ૫૮,૧૨૮ વિદ્યાર્થીઓએ બી-વન ગ્રેડ મેળવ્યો છે.૮.૪૦ લાખ વિદ્યાર્થીમાંથી ૨.૨૫ લાખ રિપીટર વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. ૧૨૫ જેલના કેદીઓએ પરીક્ષા આપી હતી. બાદમાં ૧૫મી જૂન આસપાસ વિદ્યાર્થીઓને માર્કશીટ વિતરણ કરાશે તેવું બોર્ડના સૂત્રો જણાવી રહ્યાં છે. બોર્ડ દ્વારા તાલુકા પ્રમાણે માર્કશીટના પેકેટ તૈયાર કરવામાં આવશે. જેથી ડીઈઓ દ્વારા માર્કશીટનું તાલુકા વાર વિતરણ કરાશે. ધો.૧૦ની બોર્ડની પરીક્ષામાં માર્ચ મહિનામાં રાજયના કુલ ૮૧ ઝોનમાં લેવામાં આવી હતી. બોર્ડની પરીક્ષા માટે કુલ ૯૩૪ કેન્દ્રના ૩,૬૦૦ બિલ્ડિંગો અને ૪૨ હજાર બ્લોકમાં વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

લોકડાઉનના હિસાબે આ વખતે મૂલ્યાંકન કામગીરી એકવાર સ્થગિત કર્યા પછી ફરીથી શરૂ કરી હોવાથી થોડું લેટ થયું હતું. જોકે હાલમાં બોર્ડ દ્વારા પ્રથમ ઓનલાઈન પરિણામ જાહેર કરવામાં આવ્યું છે, ત્યારબાદમાં માર્કશીટ અપાશે. જે વિદ્યાર્થીઓને પરિણામથી સંતોષ નહીં હોય તેવા વિદ્યાર્થીઓના ગુણ ચકાસણી માટેના ફોર્મ પણ પાંચ દિવસ પછી ભરવાના શરૂ થશે જેની બોર્ડ દ્વારા જાહેરાત કરાશે.જોકે આ વખતે પ્રથમ વખત ગુણ ચકાસણી અને જુલાઈમાં લેવાનાર પૂરક પરીક્ષાના ફોર્મ પણ ઓનલાઈન જ સ્વીકારવામાં આવશે. હાલમાં સાયન્સના ફોર્મ ઓનલાઈન સ્વીકારાય છે.

# કોરોના કેસો ઘટાડવા તંત્રએ ટેસ્ટિંગ ઓછા કરી લોકો સાથે રમી ગંદી રમતઃ ચાવડા

ગાંધીનગર,તા.૯

ગુજરાતમાં કોરોના વાયરસનો રાફડો ફાટ્યો છે ત્યારે બે સપ્તાહથી રાજ્યમાં ફટાફટ ડિસ્ચાર્જ દ્વારા ભારતમાં સૌથી ઊંચા રિકવરી રેટના દાવાઓ થઈ રહ્યા છે. પરંતુ ગુજરાતમાં કુલ કેસ અને ડિસ્ચાર્જ એમ બંને તરફથી ભારતમાં સૌથી ઊંચો મૃત્યુદર છે, આ એક હકીકત છે. સોમવારે ૧૪ જિલ્લાઓમાંથી ૩૨૧ દર્દીઓને સાજા થઈને ઘરે જતા ગુજરાતમાં અત્યાર સુધીમાં કુલ ૧૩,૯૬૪ને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. ત્યારે કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ પણ ગુજરાત સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. ગુજરાત સરકારની કોરોના વાયરસ સામે લડવાની રણનીતિની કડક શબ્દોમાં નિંદા કરી છે. કોંગ્રેસ પ્રદેશ પ્રમુખે સરકાર પર પ્રહાર કરીને કોરોના મહામારીમાં સરકારની કામગીરી અંગે અનેક સવાલો ઉભા કર્યા છે.

અમિત ચાવડાએ જણાવ્યું કે, રાજ્યમાં કોરોના વાયરસનો ખતરો દિવસેને દિવસે વધી રહ્યો છે. અત્યાર સુધી ગુજરાતમાં ૧૨૮૦ કરતા વધુ લોકોના મોત થયા છે, તેમ છતાં સરકારના પેટનું પાણી હલતું નથી. ગુજરાતમાં તંત્ર વચ્ચે સંકલનનો અભાવ જોવા મળી રહ્યો છે. જેના કારણે કોરોનામાં વર્તમાન સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે. ગુજરાત સરકાર પણ લોકોના જીવ બચાવવામાં તંત્રમાં ઉદાસીનતા જોવા મળી રહી છે. અમિત ચાવડાએ વધુમાં જણાવ્યું હતું કે, ઉઉૅંએ જાન્યુઆરીમાં જ ચેતવણી આપી હતી. તેમ છતાં ગુજરાત સરકારે ચેતવણીને ગંભીરતાથી લીધી નહોતી. રાજ્યમાં દિવસેને દિવસે સંક્રમણ વધ્યું તેમ ટેસ્ટિંગ ઘટાડ્યું છે.

બીજે એક રીતે કહીએ તો સંક્રમણનો આંકડો ઓછો બતાવવા માટે તંત્ર ટેસ્ટિંગ ઓછા કરીને લોકોના જીવ સાથે ગંદી રમત રમી રહી છે. જો પ્રાથમિક રીતે વિચારીએ તો ભારતમાં ટેસ્ટિંગ વધારે થયું હોય તો અમેરિકા કરતા વધુ કેસ આવે. પરંતુ એવું થયું નથી. કારણ કે, અમેરિકામાં દરરોજના એક લાખ ટેસ્ટિંગ થતા હતા, જેના કારણે ત્યાં કોરોનાના આંકડો લાખોમાં હતો. પરંતુ અમેરિકાની સરખામણીમાં ભારતમાં તેના અડધાએ ટેસ્ટિંગ કર્યા નથી. બીજી બાજુ અમદાવાદમાં સંક્રમિત દર્દીઓને સારવાર લેવા માટે દર દર ભટકવું પડતું હોવાની વાત કરી હતી. કોરોનામાં આખા દેશમાં સૌથી વધુ મૃત્યુદર ગુજરાતમાં છે તેના માટે જવાબદાર તંત્ર અને ગુજરાત સરકારને જ ઠેરવી છે.કોરોના લઈને હોસ્પિટલોમાં આવેલા ૧૨૮૦ નાગરિકો પાછા ઘરે જઈ શક્યા નથી. તેમના મૃત્યુ થયા છે. આ પ્રમાણે ગુજરાતમાં ૯.૧૬ ટકા જેટલું ઊંચુ છે. સોમવારની સાંજે ૭.૨૬ કલાકે દેશમાં ડિસ્ચાર્જની સામે ડેથનું પ્રમાણ ૫,૭૯ ટકા હતુ. સમગ્ર દેશમાં કુલ ૧,૨૭, ૩૦૨ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. ગુજરાતમાં કુલ કેસની સામે મૃત્યુદર ૬.૨૨ ટકા છે, દેશમાં આ પ્રમાણ ૨.૭૮ ટકા આસપાસ રહ્યું છે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યુઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સ્પર્ધા : અહેવાલ: જીજ્ઞા કપુરિયાં

ગદ્ય.
"કુમળું ઝાડ વાળીએ તેમ વળે."

પ્રસ્તુત કહેવતનો અર્થ એ થાય છે કે નાનપણમાં જેટલી સારી ટેવ પાડવી હોય તે પાડી શકાય. કહેવાય છે ને કે બાળકોએ કોરી સ્લેટ જેવા, અને માટીના ભીના લોંદા જેવા હોય છે જેમ કોરી પાટીમાં આપણને જે લખવું હોય એ લખી શકીયે અને ભીની માટીને સહેલાઈથી જે આકાર આપવો હોય એ સહેલાઈથી આપી શકીયે છીએ બાળકને પણ સારા ખોટાનો કોઈ વિવેક હોતો નથી. એ તો જે જુએ છે એનું જ અનુકરણ કરી લે છે અને એને જ સત્ય માને છે. ઘરમાં અપશબ્દો બોલતા હોય, મા બાપ વ્યસન કરતા હોય તો આ વાત એને સ્વાભાવિક લાગે છે અને એને તરત અપનાવી પણ લે છે.
બહુ જૂની એક વાર્તા છે કે કોઈ એક રાજકુમારને ક્રોધ બહુ આવતો હતો રાજ્યના તમામ ગુણીજનો એની એ ટેવ છોડાવવા અસમર્થ રહ્યા હતા ત્યારે એક સાધુ પુરુષ એને બગીચામાં લઈ જાય છે ફરતાં ફરતાં એક છોડને જોઈને તે સાધુપુરુષ તેને ખેંચવાનું કહે છે રાજકુમાર સહેલાઈથી એ છોડ ખેંચી નાખે છે. સાધુ મહારાજ કશું કહેતા નથી એ સમયે પછી આગળ જતાં એક મોટું ઝાડ આવે છે ફરીથી સાધુ રાજકુમારને એ ઝાડ ખેંચવાનું કહે છે આ વખતે રાજકુમાર લાખ પ્રયત્નના અંતે પણ એ ઝાડ ખેંચી શકતા નથી. " બેટા, આપણી નરસી ટેવને પણ ઉગતા વેંત ખેંચી નાખીએ તો જ તે છૂટી જાય છે નહીંતર તમે મોટા થશો પછી ક્રોધ પર કાબૂ મેળવી નહિ શકો જેમ તમે પેલા વૃક્ષને હલાવી ન શક્યા એમજ." સાધુ મહારાજે ખૂબ પ્રેમથી રાજકુમારને સમજાવ્યું.
તો મિત્રો બાળપણથી જ બાળકોને ઉચ્ચ અને સારા સંસ્કાર આપીશું તો જ ભારતના ભાવિનું ઘડતર સારી રીતે કરી શકીશું.
ભાવના પટેલ."વલસાડી વાદળ"
ગાંધીનગર.

---

ન્યૂઝ ઓફ ગાંધીનગર
શીર્ષક : કહેવત
કુમળું ઝાડ વાળી એ એમ વળે.
પ્રકાર : ગદ્ય

મારા એક મિત્રની સાચી હકીકત આ કહેવત ને યથાર્થ ઠેરવે છે.મિત્રનું નામ છે પ્રદીપ ભાઈ.નાનપણમાં જ એમના બા ગુજરી ગયા એટલે અપરમાં સાથે રહેવાનો એમનો વારો આવ્યો. આપણને ખબર છે અપરમાં કેવી હોય. સવારનાં બંને ભાઈ ઓ ને પાંચ વાગ્યામાં ઉઠાડીને એમને સ્વાધ્યાયનું ભણવા બેસાડે.
પછી દૂધ આપીને એમની પાસે આખું ઘર સાફ કરાવી લે.પાછા ભણવા બેસાડે.ન આવડે તો માર પણ પડી જાય. બપોરે જમાડીને નિશાળે મોકલે અને આવ્યાં પછી એક જ કલ્લાક બહાર મોકલીને પાછાં લેસન કરવા બેસાડી દે.આ એમની રોજનીશી.જેવા કોલેજમાં આવ્યા કે તરત જ નોકરીએ બેસાડીને સવારની કોલેજમાં દાખલો અપાવી દીધો.તમે નહિ માનો સવારમાં પાંચ વાગ્યામાં દાળ, ભાત, શાક,રોટલીનો ડબ્બો ભરી આપે. સાંજે આવ્યા પછી સ્વાધ્યાયમાં ફરજિયાત મોકલે.
ભણતર સાથે નોકરીમાં ગણતર પણ મળ્યું એટલે બી.કોમ થયાં પછી સારી નોકરી સાથે સાથે સી.એ પણ કરવા માંડ્યું.જેવા સી.એ થયા કે એક મલ્ટિનેશનલ કંપનીમાં જોબ પણ મળી ગયો.પૂરા સ્વાધ્યાય પરિવારનાં એટલે બીજી કમાઈ કરવાની નહીં અને બીજાને કરવા દેવાની નહીં .એટલે બધાંએ ભેગા મળી ને એને એક નાના ગામડામાં મૂકી દીધો.પણ ભાઈએ તો રાજીખુશીથી બદલી સ્વીકારી અને ત્યાં પણ પોતાની સ્વાધ્યાય પ્રવૃત્તિ આદરી દીધી .ત્યાં એમનું ખુબ જ નામ થઈ ગયું એટલે એમને નોકરીમાં પણ પ્રમોશન મળ્યું. ફાઇનાન્સનાં ઉપરી બની ગયા. લગ્ન પછી બે છોકરા ઓ ને પણ એવી રીતે જ કુમળા છોડની જેમ ઉછેર કર્યો.એકદમ સાદગીનું જીવન .
કંપનીમાંથી નિવૃત્ત થયા પછી ગાડી પણ પાછી આપી દીધી.પેપર વાંચવાનાં બંધ કરી દીધા .આખો દિવસ સ્વાધ્યાય અને આધ્યાત્મિક વાંચન..છોકરા ઓ પરણી ને અમેરિકા સેટ થઇ ગયા .ત્યાં પણ એ સ્વાધ્યાયની પ્રવૃત્તિ ચલાવે છે.
નાનપણમાં જ અપરમાં એ કુમળા છોડને સરસ રીતે વાળ્યા એમનું આ પરિણામ.અમારા ખાસ મિત્ર છે.
ઘનશ્યામ વ્યાસ

---

કહેવત પરથી વાર્તા
કુમળું ઝાડ વાળીએ તેમ વળે
અર્થ-નાનપણમાં જેટલી સારી ટેવ પાડવી હોય તેટલી પાડી શકાય.
મણીમાની વાત :: સોકરા તો ડાયા જ હોય
"ઉભો રે જે તું એમ નેમ,,, ન્યાં ને ન્યાં, એક ડગલું ય આગળ ગ્યોને,,, તો તારી માના હમ સે. હું હમણે જ મારી બાને બરકીન આવું છું." સોહન બરાડો પાડીને ચાલવા લાગ્યો.
".એય, માના હમ વાળીનો થામા, બરકવા હોય ઈને બરકી લાય, હું નથ બીતો કોયના બાપથીયે. દમ હોય તો હાયલો આયની એકલો, બાને હું બરકવા ઈમાં." રોશન રૂઆબમાં બબડતો રહ્યો.
સોહન અને રોશન આઠ દસ વર્ષના આડોશ પાડોશમાં રહેતા બે બાળકો. રમતા રમતા બંને ઝગડી પડ્યા. અને બંને વચ્ચે વિવાદ ઉભો થયો.
સોહન એના દાદીને બોલાવીને આવ્યો અને ફરીયાદ કરતો બોલ્યો, " જો બા, આ રોસનીયો કયુનો મારી હાયરે બાધે સે. તારાથી આખા ગામના છોકરા બીવે, આજ ઈનેય કાંયક કઈ દે, તે ઈનેય ખબર પડે કે હું કોનો છોકરો સુ."
સોહનના દાદી મણીમા (રોશનને પ્રેમથી નજીક બોલાવ્યો), "કાં, દિકરા તું કેમ બવ તોફાન કરે સ. તારી રાયડ તો બોવ જ આવે સે. આમ તોફાન નો કરાય, બટા."
રોશન, " તમારો સોહનીયો કાંઈ ઓસો નથી. ઈય તે મન માના હમ દયન આયવો તો તમને બરકવા."
મણિમા, "જો બટા તમે બેય હરખે હરખા સો, હપીન રેવાય ને હપીન ખવાય પીવાય. આમ પાડોહમાં રેવું ન બાધવું ઈ થોડુ પોસાય. તમ ભણવા હાયરે જાવ તંય તમ હું કરો છો? મન ક્યો જઈને!!!"
"નિહાળમાં બાધયી તો તો સાયબ આવી ન અમને મારે વાંહડાની લીલીછમ હોટી રાયખી છે અમાર સાયબે." રોશને ઉત્સાહમાં આવીને જવાબ આપ્યો.
"તો તમને એમ નો થાય કે આપડે ઘેરેય બધાય નય. આયટલા પાડોહમાં તમે બે જ નાના સોકરા સવ. તમ બેય બાધીન બોલતા બંયધ થાવ તો પસી તમે રમશો કેની હાયરે? " મણીમા એ બંનેને સમજાવવા વાત માંડી. "જો બટા હપીન રચી ને જપ ખાયી, આપણને કોય નો પુગે, બાકી બાધી બાધી ન તો અવતાર આખો વયો જાય તોય જપ નો જડે. જો આ અવતાર આપણને પરભુએ આયપો સેને તો આપડે હંધાય ભાંડયડા જ કેવાયી, તમે તમાર ભાંડયડા હાયરે બાધો તો કાંય ભાંડયડુ થોડુ સુખી થાય? ભાંડયડા સુખી નો હોય તો માવતરેય સુખી નો હોય. તમને તમાર મા તો બવ વાલી સે નેપ અટલે જ કવ સું આપણને આપડી મા વાલી હોય ને બધાયને એની મા વાલી જ હોય. આ ધરતી આપડી હંધાયની મા સે. આપડે બાધયી ને તો એને બોવ દુઃખ થાય. આપડે આપડી માને દુઃખ થાય એવું વરતન કરાય કે નહીં? ધો જવાબ હાલો મને. "
સોહન અને રોશન એક સાથે બોલી ઉઠ્યા, " માને દુઃખ થાય એવું નો કરાય હો. "
"તો પસી તમે બેય બાધશો હવે કોઈ દી' ?"
બંને એકબીજાને ભેટી પડ્યા અને હવે પછી શાંતિથી જ સાથે રમીશું એવું મણીમાને વચન આપ્યું.
દુર ઉભેલ રોશનના દાદી આ વાત સાંભળી રહ્યા હતા. એ પણ મણીમા ને ભેટી પડ્યા અને કહ્યું," મણીમા, તમે તો કમાલ કરી નાયખી. આ મારો રોસનીયો કોયના બાપનું કયુ નો કરે ને આજ તમારી વાત તો ઝટકીમાં માની ગ્યો હો."
મણીમા, " કુમળા છોડ હોયને ઈ જેમના ઢાળો ઈમના ઢળે. આ સોકરાવને ચપટીક સંતોસ જોયી. મીઠી વાતું કરો અટલે માની જાય ને ખીજાવ તો ખીજાય જાય. આ મણીડોહીથી એમનેમ કાંય સોકરા ડાયા નથ થ્યા. આંયખમાં ને દલમાં હંધેય પરેમ જોઈ, હમજી. 'સોકરા તો ડાયા જ હોય' આ મણીમાની વાત યાદ રાખજે. "
રોશનના દાદી, " હા, મણીમા હું તમાર હંધીય વાત યાદ રાખહ. લ્યો ત્યારે, જે સી કરસન."
મણીમા,"જે સી કરસન, અને હા સોકરાને ખીજાતી નય હોં, આવજે."
– તેજલ વઘાસીયા (ઉમરાળી, જૂનાગઢ )

---

પ્રકાર.. ગદ્ય
શિર્ષક,,, કહેવત
કુમળું ઝાડ વાળીએ એમ વળે

ઉપરોક્ત કહેવત એ સૂચવે છે કે કુમળું ઝાડ બરાબર વિકસ્યું ન હોય ત્યારે આપણે એને જેવા આકાર માં વાળવું હોય એમ વળે છે. ઘણા લોકો ખાસ જાળીઓ બનાવી ઝાડને સુંદર આકાર આપતા હોય છે.
માનવ જીવનનું પણ આવું જ છે. અહીં કુમળું ઝાડ એટલે બાળક,, હજુ એને સ્વાર્થ, કે વેરઝેર ની કંઈ ખબર ન પડતી હોય. એ હજી વિકસતું હોય, ત્યારે બાળમાનસ માં તમે જેવા વિચાર નાખશો એ દ્રઢ બની જશે. એને જે દિશા તરફ લઈ જવાનો હોય એ તરફ લઈ જવાશે. જો સારા વિચારો આપ્યા હશે તો બાળક સંસ્કારી બનશે. પણ નાનપણથી જ ચોરી, ખોટું બોલવું, લાલચ, ગાળો બોલવી,એવું જ જો જોયું હશે તો એ એજ શીખવાનું છે. એટલે બાળકોને કંઈ પણ કહેવાય ત્યારે વિચારીને કહેવામાં આવે તો એનું ભાવિ સુંદર બને. નાનપણથી જ ઘણા મા બાપ ડર બતાવે છે, જેથી એ ડરપોક બને છે એમને રોજ સારી વાર્તા, સારી ટેવ, પુસ્તકો નું વાચન, સેવા, વિ.સમજાવવું જોઈએ. જેથી એ ભવિષ્ય માં સારું વૃક્ષ બની શકે.
કલ્પના બેન ત્રિવેદી સુરેન્દ્રનગર




# અતિ ગંભીર ભારત માટે (તથા અન્ય દેશ માટે)

ચાઈનાથી ઈમ્પોર્ટ થતું (રેડી-ટુ-સેલ) ગેરકાયદેસર અને અન્ડર ઈન્વોઈસ ઈમ્પોર્ટ સામે ભારતના નાના, મધ્યમ ઉદ્યોગો આવનારા દિવસોમાં મરણતોલ પથારીએ હશે. જે પણ કોઈપણ સરકાર હોય, આ સમસ્યા નહીં સમજી શકે તો ભારતભરમાં બેરોજગારી અતિ ગંભીર સ્વરૂપ ધારણ કરશે એમાં બેમત નથી.

આમેય ઘણા સમયથી ભારત આર્થિક રીતે ઘણી સમસ્યાઓનો સામનો કરતો હતો ત્યાં કોરોના મહામારીના કારણે વર્ષ ૨૦૨૦ના અંત સુધીમાં ખૂબ જ ભયંકર બેરોજગારીનો પ્રશ્ન આપણી નજર સામે દેખાય છે.

આપણા દેશમાં એગ્રીકલ્ચર પછી જો સૌથી વધારે રોજગાર મળતો હોય તો એ સ્મોલ એન્ડ મીડિયમ ઈન્ડસ્ટ્રીઝ અને નાના-નાના રિટેલર્સ છે. આ બંને સેક્ટરમાં કરોડો લોકોને રોજગાર મળે છે. આ સેક્ટર આજે ખૂબ જ મોટી મુસીબતમાં છે. વધુ ચર્ચા કરવા કરતા આપણે મૂળ મુદ્દાની વાત ઉપર આવી જઈએ.

ઈ-કોમર્સમાં વેચાણ થતી ૯૦ ટકા પ્રોડક્ટ મેઈડ ઈન ચાઈના જ છે.

ચાઈનાથી આવતી તમામ પ્રોડક્ટ્સ અન્ડર ઈન્વોઈસ અને ગેરકાયદેસર ઈમ્પોર્ટ થતી છે. જે તાત્કાલિક બંધ કરાવવી જોઈએ.

નીચી કિંમત દર્શાવી (અન્ડર ઈન્વોઈસ) ખૂબ જ મોટા પ્રમાણમાં ઈમ્પોર્ટ તાત્કાલિક બંધ કરાવવી જોઈએ.

ક્વોન્ટિટી ઓછી બતાવવી, દાખલા તરીકે- પાંચ લાખ પીસ હોય તો ફક્ત ત્રણ લાખ બતાવવામાં આવે છે. સાથે સાથે અન્ડર ઈન્વોઈસ પણ કરવામાં આવે છે. જેથી ડ્યુટી ઓછી લાગે. મિસ ડિક્લેર પ્રોડક્ટ્સ. દા.ત. ઈમ્પોર્ટ કન્ટેનરમાં બિલમાં જે પોર્ડક્ટ ડિક્લેર કરી હોય તેની જગ્યાએ ઓછા ટેક્સવાળી પ્રોડક્ટ ડિક્લેર કરે.

ચાઈનાથી ભારતમાં જે ચીજો ઈમ્પોર્ટ થાય છે તેના ઓફિશિયલ આંકડાઓ જોશો તો પગ નીચેથી ધરતી ખસી જશે. આ આંકડા અને વિગત ઓફિશિયલ છે. તા. ૯-૬-૨૦૨૦ના રોજ દેશના અગ્રગણ્ય અંગ્રેજી અખબારમાં પ્રકાશિત થયેલી વિગત છે. આ કોઈના ખિસ્સામાંથી આવેલી વિગતો નથી. 'ધ ઈકોનોમિક ટાઈમ્સ'માં આવેલી સત્તાવાર વિગત છે.

૧. સ્માર્ટફોન – માર્કેટસાઈઝ બે લાખ કરોડ છે. ચાઈનીઝનો સ્ટેક આમાં ૭૨ ટકા છે. વિચારી લો.

૨. ટેલિકોમ ઈક્વિપમેન્ટ્સ – માર્કેટની સાઈઝ ૧૨,૦૦૦ કરોડ છે. તેમાં ચાઈનાનો સ્ટેક ૨૫ ટકા છે.

૩. ટેલિવીઝન – માર્કેટની સાઈઝ ૨૫ હજાર કરોડ છે. ચાઈનાનો સ્ટેક ૪૨થી ૪૫ ટકા છે. આટલા મોટા પ્રમાણમાં ચાઈનાના ટીવી ભારતમાં વેચાય છે.

૪. હોમ એપ્લાયન્સીસ – ૫૦ હજાર કરોડનું કુલ ભારતનું માર્કેટ છે. તેમાં ચાઈનાનો આયાતનો સ્ટેક (હિસ્સો) ૧૨ ટકા જેટલો છે.

૫. ઓટો કોમ્પોનમેન્ટ – ૫૭ બિલિયન ડોલર ભારતનું માર્કેટ છે. ચાઈનાનો આયાત હિસ્સો ૨૬ ટકા છે.

૬. ઈન્ટરનેટ એપ્સ – ૪૫૦ મિલિયન સ્માર્ટફોન વપરાશકર્તા છે. ૬૬ ટકા લોકો એક ચાઈનીઝ એપ વાપરે છે.

૭. સોલાર પાવર - ભારતની માર્કેટ સાઈઝ ૩૭,૯૧૬ મેગાવોટ છે. ચાઈનીઝ પ્રોડક્ટ્સનો શેર તેમાં ૯૦ ટકા છે. અધધધ આપણે ભારતવાળા મંજીરા જ વગાડીએ છીએ કે શું? ક્યાં જઈને અટકશે? દેશ બરબાદ થઈ જશે.

૮. સ્ટીલ – ૧૦૮.૫ મેટ્રીક ટન ભારતનું કુલ માર્કેટ છે. તેમાંથી ચાઈનાથી સ્ટીલ આવે છે તેનો ૨૦ ટકા હિસ્સો છે.

૯. ફાર્મા (દવાઓ) – ભારતની માર્કેટ સાઈઝ ૨ મિલિયન છે. ચાઈનાનો હિસ્સો અધધ અધધ ૬૦ ટકા હિસ્સો શું થશે?

આના ઉપરથી તમે અંદાજ લગાવી શકો છો કે ભારત ચાઈનાથી કેટલું પ્રભાવિત છે. આના લીધે ભારતના ઉદ્યોગો સાફ થઈ જશે. બેકારી રાક્ષસની જેમ ફાટી નીકળશે. યુવાધનને કોઈ જ નોકરી મળે તેવા સંજોગો દેખાતા નથી. આની અસર ગંભીર પરિણામો સર્જી શકે તેમ છે. આમ જલ્દી જાગીશું નહીં તો હાથમાંથી બાજી સરકવાની તૈયારી છે. પછી કાબૂમાં લેવું મુશ્કેલ છે.

સમજી જાવ, બહુ લાંબું લાંબુ લખતો નથી. હું કોઈ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ નથી. એક વેપારી સાથે ધંધા વગર ફ્રી બેઠો હતો તેણે બધું સમજાવ્યું અને મેં પોઈન્ટ્સ લખી લીધા. બહુ લાંબું લખતો નથી. ચેતી જવા જેવું છે. એટલામાં સમજી જાવ.

આવનારી પેઢી યુવાનો આનો, બેરોજગારીનો મોટો ભોગ બનશે. તેનાથી પરિસ્થિતિ વધુ વણસી જશે.

જયહિન્દ.

સ્વદેશી અપનાવો, દેશ બચાવો

-જીતુ બ્રહ્મભટ્ટ
તા.૦૯ જૂન, ૨૦૨૦

## સમગ્ર દેશની અંદર
# કોવિડ-૧૯ લોક ડાઉન શરૂ છે ત્યારે આપણા દેશમાં કરોડોની સંખ્યામા લોકો બરોજગાર બની રહ્યા છે.

હાલ અત્યારે લોક ડાઉન શરૂ છે. ત્યારે દેશ મા સરકાર તરફ થી અનેક પ્રકારની ની સુટ ચાટ અપાઈ રહી છે. સાથેજ (૨૦) લાખ કરોડ રૂપિયા નુ બજેટ જાહેર કર્યુ છે. એમા દેશ ના કેટલા ગરીબ લોકો ને ફાયદો થશે કે નુકશાન એ તો કોઈ ને પણ ખબર નથી. હાલ અત્યારે સરકાર તરફથી જે બજેટ જાહેર કરવામાં આવે છે. એ ગરીબ અને મધ્યમવર્ગના લોકો સુધી પહોંચતુ નથી. ખાલી જાહેરાત કરવા થી દેશ ની ગરીબી કે અર્થતંત્ર દૂર નહિ થાય.

દેશના અર્થતંત્રને પુનઃ પ્રગતિશીલ બનાવવા માટે દરેક ગરીબ પરિવારોને રૂપિયા પાંચ-દસ હજારની મદદ જરૂરી છે ત્યારે નાના મોટા ઉદ્યોગ ગૃહો સર્વિસ સેક્ટર ને પણ યુદ્ધના ધોરણે વગર વ્યાજે લોન ની વ્યવસ્થા કરવી જરૂરી છે હાલ અત્યારે ગુજરાત સરકાર દ્વારા જે લોન ની જાહેરાત કરવામાં આવી છે. એમા તમામ પ્રકાર ના નીતિ નિયમો બેંક તરફ થી છે. સરકાર ના પરિપત્ર મુજબ એક પણ નીતિ નિયમો ન હોવાને કારણે ગરીબ અને મધ્યમવર્ગના લોકો ને બેંક માથી લોન મળવી બહુ મુશ્કેલ છે. નાના મોટા ઉદ્યોગ ધંધા ની અંદર લોકો ને નાની મોટી રોજગારી મળ તી હતી એ અત્યારે બંધ થય ગય છે. એના કારણે દેશમાં કરોડો પરિવારની આજીવિકા સીનવાઈ ગઈ હોય ત્યારે કેન્દ્ર સરકારે ગંભીરતા રાખવી જરૂરી છે કોરોના કરતાં પણ વધારે ખતરો અર્થતંત્રના કારણે દેશવાસીઓ પર તોળાઈ રહ્યો છે દેશમાં છેલ્લા ત્રણ વર્ષથી નોટ બંધી જીએસટી જેવા પગલાંથી અર્થતંત્રને ગંભીર ફટકો પડવા લાગ્યો છે તેથી અર્થતંત્ર ની હાલત દયનીય બની શકે છે દેશમાં કરોડો પરિવારની આજીવિકા છીનવાઈ ગઈ છે કરોડો પરિવારને ભોજન દવાના ફાફા પડી રહ્યા હોય કેન્દ્ર સરકાર આળસ ખંખેરીને સક્રિય બને તે સમયની માંગ છે દેશ અને વિશ્વના શ્રેષ્ઠતમ અર્થશાસ્ત્રીઓ પણ કહે છે કે ભારતીય અર્થતંત્રની હાલત કફોડી બની છે વિશ્વની સુપ્રસિધ્ધ અર્થતંત્રનું સર્વે કરતી કંપનીઓ પણ કહે છે ભારતની જીડીપી નો દર અત્યંત નીચે જવાનો છે છતા પણ કેન્દ્ર સરકાર અર્થતંત્રને લઈને દેશના હિતમાં મહત્વના કોઈ નિર્ણય કરતી નથી

દેશમાં છેલ્લા બે મહિનાથી લોક ડાઉન લાગુ થતા અર્થતંત્રનો સકર સાવ થંભી ગયું છે દેશમાં ૧૨ કરોડ વ્યક્તિઓ બેરોજગાર બની ગયા છે નાની મોટી લાખો ફેક્ટરીઓ બંધ થઈ ગઈ છે તો કરોડો શ્રમજીવીઓ ફેરિયાઓ નાની મોટી દુકાન ધરાવનાર ટ્રાન્સપોર્ટ સહિત તમામ વ્યવસાય મા ભયાનક આર્થિક સંકટ ઉભુ થયું છે કેન્દ્ર અને રાજ્ય ગરીબો અને મધ્યમ વર્ગીય પરિવારોને માત્ર ઘઉં-ચોખા ખાંડનો જથ્થો જ વિના મૂલ્ય આપી રહી છે પરંતુ રોકડ સહાય પણ માત્ર પાંચ દસ હજાર રૂપિયા આપવામાં આવે તો ગરીબ લોકો પોતાના પરિવાર સાથે બે ત્રણ મહિના સુધી રહી શકે વિશ્વના અનેક દેશોએ જીડીપીના ૧૦ ટકા જેવી રકમનો ખર્ચ અર્થતંત્ર માટે કર્યો છે ભારત દેશમાં જીડીપીના માત્ર એકથી ત્રણ ટકા જેવી રકમ ફાળવવામાં આવી છે દેશની જીડીપી ૩૦૦ લાખ કરોડની હોય ૧૦ ટકા મુજબ ૩૦ લાખ કરોડ જેવી રકમ અર્થતંત્રને પુનઃ ચેતનવંતુ કરવા માટે ફાળવવી જરૂરી છે કેન્દ્ર સરકારે દેશની રાજ્ય સરકારોને માત્ર માર્ગદર્શન આપવા ને બદલે આર્થિક મદદ કરવી પડશે દેશવાસીઓને પણ હાલ કેન્દ્ર સરકાર માર્ગદર્શન આપવામાં સંતોષ માની રહી છે પરંતુ કેન્દ્ર સરકારે દેશના કરોડો ગરીબ અને મધ્યમ વર્ગીય પરિવારોને રૂપિયા ૫-૧૦ હજાર ની રોકડ મદદ કરવી જોઈએ તદઉપરાંત દેશના નાના મોટા વેપારીઓ અને ઉદ્યોગોને પણ રોકડ રૂપિયા એક લાખ ૨૫ લાખ રૂપિયાની વગર વ્યાજની લોન આપીને દેશવાસીઓને વીજબિલ મિલકતવેરા જીએસટી વગેરેમાં રાહત આપવી પડશે કેન્દ્ર સરકારે દેશના સમૃદ્ધ મંદિર પાસે રહેલ રોકડ કે સોનાનો ઉપયોગ દેશવાસીઓના હિતાર્થે કરવો જોઈએ અર્થતંત્રને પુનઃચેતનવંતુ કરવા માટે કેન્દ્ર સરકારે ૨૫ થી ૩૦ લાખ કરોડ રૂપિયાની હજી ફાળવણી કરવી પડશે નહી તો કોરોના તો જતો રહે છે પરંતુ અર્થતંત્ર ક્યારેય ઉભુ નહી થાય રોજગારીથી આત્મહત્યાનું પ્રમાણ વધી રહ્યું હોય કેન્દ્ર સરકાર ગંભીર બને તે જરૂરી છે ત્યારે આપ સૌ દેશવાસીઓ એકસાથે મળીને આપણા દેશના અર્થતંત્રને બચાવવાનું કામ કરીએ એ જ આપણા સૌ માટે યોગ્ય છે

લી..ચૌહાણ જેન્તી કુમાર.....

# અસમંજસ :કોરોના:"લટકતું તાળું"

(કવિ) પંકજ દરજી 'શિલ્પી'

વિચારો આજ સૌ વસમી વેળાએ,
(શું) આ અસમંજસ ફક્ત આપણા કાજે?

ખૂલુ, અધખુલૂ, કે સાવ ખુલ્લુ.. ?!
આ કોરોના નું લટકતું તાળું કેવું ???

અચંબિત છે માણસ, ને પશુ-પક્ષી જગત,
કેમ વેરાન ? આ રસ્તા,ગામ ને શહેર.

વિમાસતી દુનિયા એકવીસમી સદીની પ્ક્ષણે,
નથી જડતી કો જડીબુટ્ટી રોગની આ પળે.

વર્તાવ્યો કેર કાળો, કોરોના પડ્યો કેળે ,
તોય માનવી હજુ કયાં પડ્યો એને કેડે.

આઝાદી લાખની ને છૂટ સવા લાખની, 'શિલ્પી'
રાખો જો મર્યાદા દરેક સરકારી વાત ની.

# નાટકીયા નેતાઓની નૌટંકી

મત મેળવવા માટે ખોટા વાયદા ઓની ભરમાર આપીને લોકોને ઉલ્લુ બનાવતા નેતાઓ મત મેળવીને સતા પર આવ્યા પછી પણ આ સીલસીલો ચાલુ જ રાખે છે, સત્તાલાલસા અથવા તો રોકડી કરી લેવાની દાનતમા એક પક્ષમાંથી બિજા પક્ષમાં કુદકો મારતા નેતા પોતાની જાતને તો છેતરે જ છે સાથે સાથે પ્રજાનો દ્રોહ પણ કરે જ છે,આવા પક્ષાપલટો કરનારા નેતાઓને પોતાના પક્ષામાં સમાવનારા પણ એટલા જ ગદાર ઠરે છે, જે સિદ્ધાંતોને સાથે રાખીને અત્યાર સુધી કટર હરીફ પક્ષાની નીતિ-રીતીની આલોચના કરી હોય તે જ પક્ષામાં જવાની રાતોરાત ઇચ્છા જાગે એ નવાઈ પમાડે તેવું કહેવાય અને રાતોરાત પાટલી બદલી નાખે એનો મતલબ લોકો એ આપેલા મતની મશ્કરી અને દ્રોહ થી વિશેષ કશું નથી, આવા લેભાગુ જેવા પાટલી બદલુ નેતાઓને પોતાના પક્ષામાં સમાવનારા પક્ષો પણ ઓછા દોષિત નથી, આવા પક્ષો સિદ્ધાંત વિહોણા,નિતી મતાને નેવે મુકનાર નૈતિક મૂલ્યોની બલી ચડાવી દેનારા અને લોકો સાથે ગદારી કરનાર પક્ષા તરીકે જ ઓળખાય છે. લોકો એ જ આવી હિન પ્રવૃત્તિઓ સામે વિરોધ વંટોળ ઉભો કરીને અનૈતિક ગઠજોડને અંકુશમાં રાખવા જન જાગૃતિ અભિયાન આદરવુ પડશે નહીંતર આવનારા દિવસોમાં તેના દુષ્પરિણામો ભોગવવા પડશે.
જેમ પૈસા કે સતાની લાલચે વેચાતા નેતાઓ પ્રજા દ્રોહી ગણાય છે તેમ પૈસા કે સતાના જોરે તેને ખરીદનારા પણ દેશદ્રોહી જ ગણાય.

## પાલનપુર નગરપાલિકાની ૧૦.૫૦ કરોડ ની અમૃત યોજના માંથી

# વોર્ડ નંબર ૮ માં પીવાના પાણીની પાઈપલાઈન નાખવાની રજૂઆત કરતા અમૃત જોષી




પાલનપુર નગરપાલિકાના વોર્ડ નંબર ૮ ના સદસ્ય અમૃતભાઈ જોષી(દાઢી) દ્વારા પાલનપુર નગરપાલિકા મુખ્ય અધિકારી સતિષભાઈ પટેલ, એસ્ટીમેન્ટ બનાવનાર વાપ્કોસ કંપની તેમજ જનરલ મેનેજરશ્રી (ટેક) જી.યુ.ડી.એમ ગાંધીનગર ને રજૂઆત કરતાં જણાવ્યું હતું કે વોર્ડ નં ૮ વિકાસ પામતો વિસ્તાર છે તે વિસ્તારમાં ઘણી સોસાયટીઓ બની ગયેલ છે અને ધણી બની રહેલ છે. ૨૦૧૫ માં નગરપાલિકામાં વોર્ડ નં ૮ માં ઘણા નવા વિસ્તારોનો સમાવેશ કરવામાં આવેલ છે સરકારશ્રી દ્વારા પ્રજાજનોની પાયાની સુવિધા પીવાના પાણીની પાઈપ લાઈનના કામ માટે ૧૦.૫૦ કરોડ ઉપરાંતની ગ્રાન્ટ અમૃત યોજનામાં આપવામાં આવેલ છે. પરંતુ સર્વે કરનાર, એસ્ટીમેન્ટ બનાવનાર, વાપ્કોસ નામની એજન્સીએ સ્થળ તપાસ કર્યા વિના વિસ્તારોનો સર્વે કર્યા વગર ફક્ત સેટેલાઈટ સર્વેથી ખોટા એસ્ટીમેટો બનાવેલ છે જ્યાં જરૂરીયાત હોય અને પાઈપ લાઈન ન હોય તેવા વિસ્તારો બાકાત રાખેલ છે અને જ્યાં જરૂરીયાત ન હોય અને પાઈપ લાઈન નાંખેલ હોય પાણીનો કોઈ પ્રશ્ન ન હોય તેવા વિસ્તારોમાં પાઈપ લાઈન નાંખવા એસ્ટીમેટો ખોટા બનાવેલ છે સર્વે કરનાર એજન્સીએ ખોટા બોગસ એસ્ટીમેટો બનાવેલ છે આથી સરકારશ્રી તેમજ પ્રજાના કરોડો રૂપિયાનો ખર્ચ વ્યર્થ જશે જ્યાં જરૂરીયાત ન હોય તેવા વિસ્તારોનો પાઈપલાઈન નાખવા માટે એસ્ટીમેટ બનાવી થોડા સમય પહેલા નવા બનાવેલા રસ્તાઓ તોડી નાખવાથી પણ કરોડો રૂપિયાનું નુકશાન થાય તેવા બોગસ એસ્ટીમેટ બનાવેલ છે જરૂરીયાત મુજબના ડાયાની પાઈપ લાઈન એસ્ટીમેટમાં લીધેલ નથી એકદમ ઓછા ડાયાની ૬૩ એમ.એમ ની પાઈપ લાઈનો એસ્ટીમેટમાં લઈ યોજનાનો હેતુ સિધ્ધ ન થાય તેવા ખોટા એસ્ટીમેટ બનાવેલ છે શક્ય હોય તો આંતરીક પાઈપ લાઈનો ૬૩ એમ.એમ.ની જગ્યાએ ૯૦ એમએમ . કરવી ઉપરોક્ત અમારી રજુઆત ધ્યાને લઈ નીચે મુજબના વિસ્તારોમાં મોટા ડાયાની મુખ્ય પાઈપ લાઈન તેમજ જ્યાં પાઈપ લાઈન ન હોય તેવી સોસાયટીઓને જરૂરીયાત મુજબની આંતરીક પાઈપ લાઈન નાંખવા અમારી રજુઆત કરી હતી જેમાં (૧) એગોલા રોડ આકાશ બંગ્લોઝ તેમજ ડોક્ટર જુડાલ ના ઘર પાસે થી જેમાં વોર્ડ નં ૮ તેમજ વોર્ડ નં ૧ રોડની બંન્ને બાજુ તેમજ તિરૂપતિ વિલા સોસાયટી તરફ જતા રસ્તા ઉપર મુખ્ય લાઈન ૨૦૦ એમએમ ડાયાની પાઈપ લાઈન તેમજ હયાત જે સોસાયટીઓમાં પાઈપ લાઈન ન હોય તેમજ જરૂરીયાત હોય તેવી સોસાયટીઓમાં નગરપાલિકા હદ સુધી આંતરીક પાઈપ લાઈનો (૨) ડીસા હાઈવે બી.ડી.સી.સી. બેંક પાસેથી દેવપુરા થઈ નગરપાલીકાની હદ સુધી મોટા ડાયાની પાઈપ લાઈન તેમજ હયાત સોસાયટીઓમાં જરૂરીયાત મુજબની આંતરીક પાઈપ લાઈન ( ૩ ) ડીસા હાઈવે બાલાજી બંગ્લોઝ થઈ આદિત્ય બંગ્લોઝ , હોટલ ઝાયકા , જોડનાપુરા થઈ નગર પાલિકા હદ સુધી મોટા ડાયાની મુખ્ય પાઈપ લાઈન તેમજ હયાત સોસાયટીઓની જરૂરીયાત મુજબની આંતરિકં પાઈપ લાઈન (૪) આકેસણ રોડ રેલ્વે ફાટક પાસેથી દિપ નગર સોસાયટી થઈ નગરપાલિકા હદ સુધી મુખ્ય પાઈપ લાઈન તેમજ જરૂરીયાત મુજબ આંતરિક પાઈપ લાઈન (૫) અમદાવાદ હાઈવે રેલ્વે ફાટકથી પંચવટી સોસાયટી પાસે પુલની નીચે થઈ વર્ધમાન સોસાયટી પાસે થઈ રેલ્વેની સમાંતર આકેસણ રોડ પ્રથમ સોસાયટી થઈ લડબી નાળા થઈ નગરપાલિકા હદ સુધી મોટા ડાયાની મુખ્ય પાઈપ લાઈન તેમજ સોસાયટીઓની આંતરિક પાઈપ લાઈનો (૬) અમદાવાદ હાઈવે ગઠામણ ગામ તરફ જતા રસ્તાની બંન્ને બાજુમાં નગરપાલિકાની હદ સુધી મુખ્ય પાઈપ લાઈન મોટા ડાયાની નાખવા તેમજ જ્યાં જરૂરિયાત હોય ત્યાં સોસાયટીઓની આંતરિક પાઈપ લાઈનો (૭) અમદાવાદ હાઈવે કાળા હનુમાન મંદિર પટેલ સમાજની વાડી તરફ જતાં રસ્તાની બંન્ને બાજુ મુખ્ય રસ્તા ઉપર મોટા ડાયાની નગરપાલીકાની હદ સુધી પાઈપ લાઈન તેમજ જરૂરિયાત મુજબની આંતરિક પાઈપ લાઈનો (૮) અમદાવાદ હાઈવે પુલ પાસેથી નગરપાલિકાની હદ સુધી બંન્ને બાજુ મુખ્ય પાઈપ લાઈન મોટા ડાયાની નાખવા તેમજ સોસાયટીઓની જરૂરિયાત મુજબની આંતરિક પાઈપ લાઇન (૯) હનુમાન ટેકરી ચાર રસ્તાથી સરકીટ હાઉસ સુધી તેમજ એરોમા સર્કલથી અમદાવાદ હાઈવે ફાટક સુધી બંન્ને તરફ ૧૧૦ એમએમ.ડાયાની પાઈપ લાઈન નાખવાની રજુઆત ધ્યાને લઈ અમારા વિસ્તારમાં નગરપાલીકાની હદ સુધીનો કોઈ વિસ્તાર બાકી ન રહે અને ભવિષ્યમાં વિસ્તાર વધે તો નવિન પાઈપ લાઈન ન નાખવી પડે તે મુજબ મોટા ડાયાની મુખ્ય પાઈપ લાઈનો નાખવા રજુઆત કરી હતી

આમ આ બાબતની તેઓએ અગાઉ પણ લેખિત રજુઆત તારીખ ૩૦/૧૨/૨૦૧૯ ના રોજ તત્કાલીન મુખ્ય અધિકારી પંકજભાઈ બારોટ તેમજ વાપ્કોસ કંપની અમદાવાદ તેમજ જનરલ મેનેજર શ્રી (ટેક) જી.યુ.ડી એમ ગાંધીનગર ને કરેલ હતી પરન્તુ હજુ સુધી કામગીરી ચાલુ કરવામાં આવેલ નથી આમ અમૃતભાઈ જોષીએ તાત્કાલિક ઝડપથી પીવાના પાણીની પાઈપ લાઈન નાખીને ઝડપથી કામગીરી પૂર્ણ કરવાની રજૂઆત કરી છે.

## રાજકોટ મહાનગરપાલિકામાં

# સ્વચ્છ ભારત મિશન નિષ્ફળ અને કરોડો રૂપિયાના ખર્ચે ખરીદેલ સાધનો સડી રહ્યા છે:સાગઠીયા



રાજકોટ મહાનગરપાલિકાના વિરોધપક્ષના નેતા વશરામભાઈ સાગઠીયાની અખબારી યાદી જણાવે છે કે આજરોજ કોંગ્રેસના કોર્પોરેટરોએ ૮૦ ફૂટ રોડ ઉપર આવેલ સ્ટોરની મુલાકાત લીધી હતી જેમાં મહાનગરપાલિકાના સ્વચ્છ ભારત મિશન અને સોલીડ વેસ્ટ વિભાગની અનેક ખામીઓ અને વાસ્તવિકતા સામે આવેલ છે આજરોજ રૂબરૂ સ્થળ તપાસ કરતા રાજકોટ મહાનગરપાલિકાના હજ્જારોની સંખ્યામાં નવેનવા ડસ્ટબીનો વણવપરાયેલા અને ભંગાર હાલતમાં જોવા મળેલ હતા સફાઈ કામદારો ને આપવાના માસ્ક, હેન્ડ ગ્લોવ્સ અને મેલેથીયોન પાઉડર પણ કન્ડમ હાલતમાં પડ્યા હતા. રાજકોટના અમુક વિસ્તારોને બાદ કરતા કોઈપણ જગ્યાએ કોર્પોરેશન દ્વારા ભીનો અને સુકો કચરો અલગ કરવા માટેના ડસ્ટબીન આપવાના હતા જે આપેલ નથી.

રાજકોટમાં જાહેર રસ્તાઓ ઉપર પાનના ગલ્લાઓ, ખાણી પીણાની રેકડીઓ અને હોકર્સ ઝોનની આસપાસ વગેરે જેવા સ્થળોએ મુકવામાં આવતા મોટા લીલા અને બ્લુ કલરના ડસ્ટબીન કે જે લોખંડના બાસ્કેટની અંદર રાખી લોખંડ પાઈપના સ્ટેન્ડ ઉપર ઉભા કરવાના હતા જે પણ હજ્જારોની સંખ્યામાં આ સ્ટોરના વંડામાં નવે નવા વણવપરાયેલ હાલતમાં પડ્યા છે જે દરેકને કાટ લાગી ગયેલ છે અને આ એક વર્ષે વરસાદ પડશે તો બિલકુલ સડી જશે તો મનપાના અધિકારીઓની સંપૂર્ણ જવાબદારી બનશે તેમજ લોખંડના બાસ્કેટ તેની ઉપર પડ્યા પડ્યા કાટ ખાઈ ગયેલ છે લોખંડના બાસ્કેટ ઉપર અનેક વિધ છોડવા અને વેલા ઉગી નીકળેલ છે તેમજ આ લીલા અને બ્લુ કલરના નવે નવા ડસ્ટબીનો સુર્યના તાપથી ઓગળી ગયેલા સ્ટોરમાં નજરે પડે છે, સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ખરીદવામાં આવેલ અંદાજે ત્રણ સ્વ ત્રણ ફૂટના પ્લાસ્ટિકના ડસ્ટબીન કે જે સ્પેશિયલ ૧૫૦ ફૂટ રીંગ રોડ અને મ્ઇજી ના વિસ્તારમાં મુકવાના હતા જે પણ હજારોની સંખ્યામાં નવેનવા સીલપેક હાલતમાં ધૂળ ખાઈ અને ઉનાળાના તડકાના હિસાબે પ્લાસ્ટિકની કેપેસીટી ઓછી થતા આ ડસ્ટબીનને દબાવતાં તૂટી જાય છે આની ખરીદી પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ રાજકોટના લોકોના માથે આવેલ છે આ ખરીદીમાં કરોડો રૂપિયાનું ગોલમાલ થયું હોય તેવું દેખાય રહ્યું છે.

શહેરના અનેક વોર્ડમાં વ્હીલબરોના ડબ્બા ન હોવાને કારણે કચરો પુરો લઈ શકતા નથી તેમજ હજારો વ્હીલબરો સ્ટોરના વંડામાં પણ કાટ ખાઈ રહ્યા છે મ.ન.પા. પાસે કરોડો રૂપિયા ખરીદીના હોય છે પરંતુ, નજીવી રકમના ખરીદતા વ્હીલબરોના ડબ્બા લેવા સ્માર્ટ મનપા પાસે ટાઈમ નથી અને નાણાકીય જોગવાઈ કરેલ નથી જેથી લાખો રૂપિયાના વ્હીલબરો કાટ ખાઈ રહ્યા છે જેથી સફાઈ કર્મચારીએ વિસ્તારના લોકોનુ પણ સંભાળવું પડે છે અને લોકો પાસેથી સફાઈ કર અને ડોર ટુ ડોર ગાર્બેજ ચાર્જ વસુલતા હોવા છતાં પણ લોકોને સુવિધા પૂરી પાડવામાં આવતી નથી તેવા ગંભીર આક્ષેપ સાથેની વિસ્તુત અહેવાલ સાથેની અગાઉ તા.૧૭/૦૭/ ૨૦૧૯ના રોજ કોંગ્રેસ દ્વારા જનતા રેડ દરમ્યાન આ તમામ પોલ ખુલ્લી પાડી હતી તત્કાલીન કમિશ્નર બંછાનિધિ પાની દ્વારા કોંગ્રેસને ખાતરી આપતા મામલો શાંત પડ્યો હતો એ જ ઘટનાનું પુનરાવર્તન થયું છે ત્યારે આ બાબતે માહિતી મ્યુનિસિપલ કમિશ્નર ઉદિત અગ્રવાલ પાસે માંગવામાં આવેલ છે.

આ તકે કોંગ્રેસના કોર્પોરેટરો હારૂનભાઈ ડાકોરા, નીલેશભાઈ મારું, મકબુલભાઈ દાઉદાણી, પૂર્વ કોર્પોરેટર પ્રવીણભાઈ સોરાણી, આગેવાનો સુરેશભાઈ ગરૈયા, નરેશભાઈ પરમાર, અરવિંદભાઈ મુછડીયા સહિતના કોંગી આગેવાનોએ મનપાના સોલીડવેસ્ટ વિભાગની પોલ ખોલી હતી તેવું કોંગ્રેસ કાર્યાલય મંત્રી વિરલ ભટ્ટની અખબારી યાદી જણાવે છે.

(વિરલ ભટ્ટ)

# કેશોદ બ્રહ્મ સમાજને ગૌરવ અપાવતી હેમાંગી વ્યાસ ઠેર ઠેર થી અભિનંદનની વર્ષા



કેશોદ: (રાજુભાઈ પંડ્યા)

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલ ધોરણ દશ નાં પરિણામ માં કેશોદ કેન્દ્ર નું પરિણામ ૫૦.૦૪ % આવ્યું હતું. કેશોદ શહેરમાં આવેલ જી.ડી. વાછાણી સ્કૂલમાં અભ્યાસ કરતી વિર્ધાથીની વ્યાસ હેમાંગી ધર્મેશભાઈ ધો-૧૦ માં ૯૯.૮૯ પીઆર મેળવીને કેશોદ કેન્દ્ર માં તૃતીય સ્થાન મેળવ્યું છે. કેશોદ બ્રહ્મ સમાજ અને જી.ડી. વાછાણી સ્કૂલ ને ગૌરવ અપાવનાર વ્યાસ હેમાંગી ધર્મેશભાઈ ને શાળા નાં સંચાલકો અને શિક્ષકો દ્વારા અભિનંદન આપ્યા હતાં અને કેશોદ સમસ્ત બ્રહ્મસમાજ નાં મેનેજીંગ ટ્રસ્ટી પ્રમુખ મુકેશભાઈ સાતા ત્થા ટ્રસ્ટી મંડળ અને નગરપાલિકા ઉપપ્રમુખ પ્રજ્ઞાબહેન અશોકભાઈ ભટ્ટ તેમજ જુનાગઢ જિલ્લા બ્રહ્મસેના-ગુજરાત કન્વીનર રાજુભાઈ પંડ્યા એ અભિનંદન આપ્યા હતાં. કેશોદ કેન્દ્ર માં તૃતીય સ્થાન મેળવનાર હેમાંગી ધર્મેશભાઈ વ્યાસ ઉચ્ચ અભ્યાસ કરી ને પરિવાર, કેશોદ શહેર અને બ્રહ્મ સમાજ ને ગૌરવ અપાવવા અથાગ પરિશ્રમ કરીશું એવો દ્રઢ સંકલ્પ કર્યો હતો.

# માણાવદરમાં નગરપાલિકા ની સારેઆમ લાપરવાહીથી પ્રિમોન્સુન કામગીરી ન થઈ

માણાવદરમાં નગરપાલિકા ની સારેઆમ લાપરવાહી થી પ્રિમોન્સુન કામગીરી થઈ ન હોય તેવી આમજનતામાંથી વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે આજે સવારે દોઢ ઈંચ વરસાદમાં રસ્તામાં ઠેર ઠેર પાણી ભરાવા લાગ્યા વાસ્તવમાં પાણી નિકાલની યોગ્ય વ્યવસ્થા જ પાલિકા ની લાપરવાહી ના કારણે થઈ નથી દર વખતે થોડા વરસાદ માં પાણી ભરાવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે



ભુગર્ભ ગટર ના ભૂંગળા અત્યંત નાના હોય થોડા વરસાદમાં ભરાય જાય છે તો બીજી તરફ ચોમાસા પહેલા ની પ્રિમોન્સુન માં લોટ પાણી લાઈડા ની સ્થિતિ ના કારણે ઠેર ઠેર નાની મોટી ગટરો કચરાથી ઉભરાતી હોવાની પ્રજાજનો ફરિયાદો કરે છે પ્રિમોન્સુન કામગીરી માટે ગ્રાન્ટ ના બીલોજ બની ગયાની ઠેર ઠેર ચર્ચા છે ત્યારે ઉચ્ચ તંત્ર તાકિદ સ્થળ મુલાકાત લઇ જન હિતમાં કામ કરવા લોક માંગણી ઉઠવા પામી છે તાલુકામાં કોરોનાનો કેસ થયેલ હોવા છતા બે મહિના માં સેનીટાઇઝર કરાતું નથી તેવી આમ જનતામાં ફરિયાદો કરે છે

તસ્વીર - અહેવાલ ..જીજ્ઞેશ પટેલ માણાવદર

# મોડાસાની શ્રી રેવાભાઈ જેસિંગભાઈ પટેલ સત્યમ વિધાલય,મોડાસાનું ગૌરવ:શાળાનું ૮૫.૭૧ ટકા પરિણામ

મોટી ઈસરોલ, તા.૯

ગુ.મા.શિ. અને ઉ.મા.શિ. બોર્ડ દ્વારા લેવાયેલ માર્ચ.૨૦૨૦ ની ધોરણ-૧૦,એસ.એસ.સી પરીક્ષાનું પરિણામ આજરોજ જાહેર થતા મોડાસાની શ્રી રેવાભાઈ જેસિંગભાઈ પટેલ સત્યમ વિધાલયમાં પ્રથમ ક્રમે પટેલ ચિરાગ કિરણભાઈ ૯૮.૧૫ પરસનટાઈલ, બીજા ક્રમે પટેલ ઉર્વી હરેશભાઈ ૯૮.૧૫ પરસનટાઈલ,

ત્રીજા ક્રમે પટેલ જાનવી કમલેશભાઈ ૯૪.૭૩ પરસનટાઈલ, ચોથા ક્રમે પટેલ મીરા અશ્વિનભાઈ ૯૩.૪૭ પરસનટાઈલ મેળવી શાળાનું નામ રોશન કરેલ છે. શાળાનું પરિણામ ૮૫.૭૧ ટકા આવેલ છે. શાળા મંડળના પ્રમુખ વકીલશ્રી ગોરધનભાઈ પટેલ, વકીલ શ્રી હીરાભાઈ એસ. પટેલ,સત્યમ મેનેજમેન્ટ બોર્ડના ચેરમેન ભાનુભાઈ પટેલ અને મ ં ૭ ા ી બી.એન.પટેલ(વકીલ),શાળાના

આચાર્યશ્રી પરેશભાઈ પટેલ તેમજ સંચાલક મંડળના તમામ ડિરેક્ટર્સ અને તમામ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ પરિવાર દ્વારા તમામ બાળકો, અને તમામ શિક્ષક મિત્રોને ખૂબ ખૂબ અભિનંદન પાઠવી પ્રોત્સાહિત કરી ભાવિ શૈક્ષણિક શુભેચ્છા પાઠવી હતી. ભાવિ ઉચ્ચ અભ્યાસ કરી સુંદર પરિણામ લાવી સમાજમાં આગવું સ્થાન પ્રાપ્ત કરે અને શાળાનું નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ આ તેજસ્વી તરલાઓને ધ્વનિ સંદેશથી પાઠવી હતી.

# સૌની યોજના ફેઈઝ-૨ ના કામો આગામી સ્વાતંત્ર્ય દિવસ ૧૫ ઓગસ્ટ પહેલાં પૂર્ણ કરવા મુખ્યમંત્રીશ્રીનું સૂચન

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સૌરાષ્ટ્ર-કચ્છને નર્મદા જળથી તૃપ્ત કરનારી 'સૌની' યોજનાના ફેઈઝ-૨ ના કામો આગામી સ્વાતંત્ર્ય દિવસ ૧૫ ઓગસ્ટ પહેલાં સંપૂર્ણતઃ પૂરાં કરી દેવા રાજ્યના જળસંપત્તિ વિભાગને સૂચનાઓ આપી છે.

મુખ્યમંત્રીશ્રી 'સૌની' યોજનાના કાર્યોની પ્રગતિની સમીક્ષા વરિષ્ઠ અધિકારીઓ સાથે ગાંધીનગરમાં બેઠક યોજીને કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, નર્મદા મૈયાના જળ કચ્છ-સૌરાષ્ટ્રમાં પહોચાડીને આ વિસ્તારોના ૧૧૫ જળાશયો નર્મદા જળથી ભરીને ૧૧ જિલ્લાના ૭૩૭ ગામો તથા ૩૧ શહેરોને સિંચાઇ અને પીવા માટે પાણી આપવાની ઈજનેરી કૌશલ્યયુકત આ એક મહત્વપૂર્ણ યોજના છે. આ યોજનાનો પ્રથમ તબક્કો પૂર્ણ થઇ જતાં ૧૬ ડેમમાં પાણી આપી શકાય છે. અને હવે બીજા તબક્કામાં ૫૪૧ કિ.મીટર પાઇપ લાઇન કામોથી ૫૭ જળાશયો ભરવાની કામગીરી પણ પૂર્ણતાને આરે છે.

મુખ્યમંત્રીશ્રીએ આ સંદર્ભમાં સ્પષ્ટ કહ્યું કે, બીજા તબક્કાની ચારેય લીંકની બધી જ કામગીરી ૧૫ ઓગસ્ટ-૨૦૨૦ સુધીમાં પૂર્ણ કરવાના સમયબદ્ધ આયોજન સાથે વિભાગ કાર્યરત રહે.તેમણે એમ પણ જણાવ્યું કે, સૌરાષ્ટ્ર-કચ્છમાં અનેક એવા જળાશયો-નાના ડેમ છે જે બ્રિટીશરોના સમયથી નહિવત જળવાળા કે ખાલી જેવા પડયા છે તેવા આ સૌની યોજનાના વિવિધ તબક્કાઓ સાથે જોડાયેલા જળાશયોમાં પણ નર્મદા જળ સત્વરે પહોચાડવાની કાર્યવાહી થાય તે જરૂરી છે. મુખ્યમંત્રીશ્રીએ સૌનીના ત્રીજા તબક્કાની ફેઇઝ-૩ની કામગીરીની વિશદ છણાવટ કરતાં કહ્યું કે, ત્રીજા તબક્કામાં ત્રણ લીક દ્વારા ૪૫૭ કિ.મી.ની પાઇપલાઇનથી ૪૨ જળાશયો ડેમ ભરવાના થાય છે તે કામગીરી પણ માર્ચ-૨૦૨૧ સુધીમાં એટલે કે આ નાણાંકીય વર્ષના અંત સુધીમાં પૂરી થાય તેવું આયોજન વિભાગ કરે.

આ ત્રીજા તબક્કામાં ૬૩ ટકા એટલે કે ૨૮૮ કિ.મીટરના પાઇપ મેન્યૂફેકચર કામો પૂરાં થયા છે તેની વિગતો પણ મુખ્યમંત્રીશ્રીએ પ્રેઝન્ટેશનમાંથી મેળવી હતી.

સૌની યોજના અંતર્ગત અત્યાર સુધીમાં ત્રણેય તબક્કાની ચાર લીક મળીને કુલ રૂ. ૧૪૭૦૭ કરોડનો ખર્ચ થયો છે. જેમાં રૂ. ૬૮૫૪ કરોડના ખર્ચ સાથેનો પ્રથમ તબક્કો પૂર્ણ થયો છે તેમજ રૂ. ૬૯૭૩ કરોડના ખર્ચ સાથેનો બીજો તબક્કો લગભગ પૂર્ણતા તરફ છે તેની પણ વિસ્તૃત સમીક્ષા હાથ ધરવામાં આવી હતી. મુખ્યમંત્રીશ્રીએ યોજેલી આ સમીક્ષા બેઠકમાં મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી અશ્વિનીકુમાર, જળસંપત્તિ સચિવ શ્રી જાદવ, ખાસ સચિવ શ્રી એમ. પી. રાવલ, શ્રી કાનાણી અને શ્રી કલ્યાણી સહિતના અધિકારીઓ જોડાયા હતા.

સી.એમ-પીઆરઓ/અરૂણ

## સાબરકાંઠા બેંકની વસુલાત ક્ષેત્રે અદ્રિતીય સિદ્ધિ

# ચેરમેન મહેશભાઈ પટેલે ખેડૂતો અને બેંક કર્મીઓને અભિનંદન પાઠવ્યા



મોટી ઈસરોલ, તા.૮

ઉત્તર ગુજરાતના સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં કાર્યક્ષેત્ર અને ૧૩૦ શાખાઓ ધરાવતી જિલ્લાના આમ આદમીની ધી સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. એટલે "સાકો બેંક" "સાબરકાંઠા બેંક" આ બેંકના સંચાલક મંડળના સુચારૂ વહીવટ અને કર્મનિષ્ઠ કર્મચારીઓની મહેનતથી બેંક ઉત્તરોત્તર પ્રગતિ કરી રહેલ છે જિલ્લાના ખેડૂત ખાતેદારોનો આ બેંક પ્રત્યનો વિશ્વાસ એટલે રૂ.ત્રણ હજા કરોડ ઉપરનો ધંધો, ખેતીએ કુદરત આધારીત વ્યવસાય છે તેમ છતાં સભાસદોનો આ બેંક પ્રત્યેનો વિશ્વાસ એટલે સને-૨૦૧૯-૨૦ દરમ્યાન ૯૯.૫૪% જેવી ઐતિહાસીક ખેતી વિષયક ટુંકી મુદ્દત ધિરાણની વસુલાત આ રીતે લગભગ પુરેપુરી વસુલાત મેળવીને ખેડૂત મિત્રોને ઝીરો શુન્ય ટકાએ ધિરાણ પુરૂ પાડ્યું છે જે ખુબ જ પ્રશંસનીય છે. બેંકના યુવાન અને ઉત્સાહી ચેરમેન મહેશભાઈ પટેલને પુછતાં તેમણે જણાવ્યું કે, ખેડૂત સભાસદોએ બેંક ઉપર વિશ્વાસ મુકી ખુબ જ સુંદર વસુલાત આપી છે તાજેતરની કોરોના વાયરસની મહામારીથી ઉદભવેલ પરિસ્થિતિ અને સતત બે માસ ઉપરના લોકડાઉનના સમયગાળા દરમ્યાન પણ અદમ્ય ઉત્સાહથી સુંદર વસુલાત આપવા બદલ ખેડૂત મિત્રો તેમજ વસુલાત મેળવવાની કામગીરીમાં સહાયભુત થવા બદલ સંચાલક મંડળનો આભાર વ્યક્ત કર્યો હતો તથા સુંદર ફરજ બજાવવા બદલ તમામ કર્મચારી મિત્રોને અભિનંદન પાઠવ્યા હતા.

# સમગ્ર ગુજરાતમાં બનાસકાંઠા જિલ્લાની સરહદી વિસ્તારના ગામડાની સ્કૂલ ઝળહળી ઉઠી



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

ગુજરાત માં આજે એસ એસ સી બોર્ડ નું રિજલ્ટ સામે આવ્યું જેમાં સમગ્ર ગુજરાત માં બનાસકાંઠા જિલ્લા ની સરહદી વિસ્તાર ના ગામડા ની સ્કૂલ ઝળહળી ઉઠી છે વાવ તાલુકા માં સ્પ્રેડા કેન્દ્ર રાજય માં ઊંચું પરિણામ લેવામાં સફળ થયું છે સરહદી વિસ્તાર અને અનેક આફતો થી ઘેરાયેલ આ વિસ્તાર આજે શિક્ષણ ક્ષેત્રે સમગ્ર રાજય માં ઝળહળી ઉઠ્યો છે.સ્પ્રેડા કેન્દ્ર નું ૯૪.૭૮ ટકા પરિણામ આવ્યું છે જે અનેક શહેરો અને તાલુકા માટે ઉદાહરણ પૂરું પાડે છે કે મસમોટી વાતો નહિ પણ સ્કૂલ ને સરસ્વતી નું મંદિર બનાવો તો જ પરિણામ આવા વિસ્તાર માં મળી શકે છે. બનાસકાંઠા જિલ્લા ની વાત કરવામાં આવે તો ૬૪.૦૮ ટકા પરિણામ આવ્યું છે એ વન ગ્રેડ માં ૫૯ વિધાર્થીઓ આવ્યા છે.

જિલ્લા ની ૧૬ સ્કૂલોએ ૧૦૦ ટકા પરિણામ મેળવ્યું છે અને જિલ્લા ની ત્રણ શાળા માં શૂન્ય ટકા પરિણામ પણ આવ્યું છે લાખણી તાલુકા ના કોટડા કેન્દ્ર માત્ર ૨૧ ટકા જ પરિણામ મેળવી સકી છે પણ વાવ તાલુકા ના સ્પ્રેડા કેન્દ્ર એ ગુજરાત માં પ્રથમ આવી વાવ અને બનાસકાંઠા નું નામ સમગ્ર રાજય માં ગુજતું કર્યું છે જે કેન્દ્ર ના તમામ શિક્ષકો અને સ્કૂલ અભિનંદન ને લાયક છે

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK